
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૧૮



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સંક્લેશરહિત શાંતચિત્ત, મહાન પુરુષોંકા ઉત્તમ ધન હૈ જિસકે દ્વારા જરા મરણસે રહિત સ્થાન પ્રાપ્ત હોતા હૈ. ૧૬૮૮.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૬૯)

● યતિને કોઈ બીજા પદાર્થની સાથે જે સંયોગ થાય છે તે એક પ્રકારની આપત્તિ છે, એ જ યતિને ધનવાનોની સાથે સંગમ થઈ જવો તે મોટી—ભારે આપત્તિ છે, અને જે પુરુષ લક્ષ્મીના મદરૂપી મદિરાથી મત્ત થઈ રહેલ છે તથા મદને લઈને જેનું મુખ ઊંચું રહે છે એવા રાજાઓની સાથે સંબંધ થઈ જવો તે સંબંધ મોક્ષાભિલાષીના ચિત્તમાં મરણથી પણ અધિક દુઃખદાયક છે. ૧૬૮૯.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૯)

● આ લોક વિષે જે સુખી છે, તે પરલોકમાં પણ સુખને જ પ્રાપ્ત થાય છે. તથા આ લોક વિષે જે દુઃખી છે તે પરલોકમાં પણ દુઃખને જ પ્રાપ્ત થાય છે. સર્વ પરવસ્તુના ગ્રહણનો ત્યાગ એ જ વાસ્તવિક સુખનું કારણ છે અને પરવસ્તુનું કિંચિત્ માત્ર પણ ગ્રહણ તે જ દુઃખ છે. ૧૬૯૦.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૮૭)

● પ્રતિમાઓંકે ભેદોંસે પહલી દર્શનપ્રતિમા હૈ. જો શુદ્ધ આત્મા પર દઢ વિશ્વાસ રખનેવાલી હૈ, જિસકા પક્કા વિશ્વાસ મોક્ષમાર્ગ પર હૈ ઉસીકો દર્શનપ્રતિમા કહતે હૈં. ૧૬૯૧. (શ્રી તારણસ્વામી, સારસમુચ્ચય, શ્લોક-૩૦૫)

● જે મૂઢ પુરુષ પાંચ ઇન્દ્રિયોના વિષય-સેવનમાં સુખને શોધે છે તે ઠંડકને માટે અગ્નિમાં પ્રવેશ કરવા બરાબર છે તથા લાંબુ જીવવા માટે વિષપાન કરવા બરાબર છે. તેને આ વિપરીત બુદ્ધિને લઈને સુખને બદલે દુઃખ જ થશે. ૧૬૯૨.

(શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, અનિત્યભાવના, ગાથા-૨૬)

● ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દષ્ટિને જે નિઃશંકિત આદિ ચિહ્નો છે તે સમસ્ત કર્મને હણે છે; માટે કર્મનો ઉદય વર્તતા છતાં, સમ્યગ્દષ્ટિને ફરીને કર્મનો બંધ જરા પણ થતો નથી, પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું તેના ઉદયને ભોગવતાં તેને નિયમથી તે કર્મની નિર્જરા જ થાય છે. ૧૬૯૩. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૧૬૧)

વર્ષ–૧૩
અંક–૧

વિ. સંવત
૨૦૭૪
September
A.D. 2018




# આત્મધર્મ


શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર




## ધર્મની આરાધનાનું પર્વ

### (ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મનું સ્વરૂપ)

**(હે ભવ્ય ! આ ધર્મોને તું પરમભક્તિથી જાણ.)**




દશલક્ષણધર્મ (પર્યુષણ પર્વ) શરૂ થાય છે. આ શાશ્વત પર્વ છે. તેમાં પહેલો ઉત્તમક્ષમાધર્મનો દિવસ છે. આ ક્ષમાદિ ઉત્તમ ધર્મો એ સમ્યગદર્શનપૂર્વકની ચારિત્રદશા છે. મુનિને આ ધર્મો હોય છે. તેથી અહીં કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહે છે કે જે રત્નત્રયયુક્ત છે, નિરંતર ક્ષમાદિ ભાવરૂપ પરિણમ્યા છે અને સર્વત્ર મધ્યસ્થ છે એવા સાધુ તે પોતે ધર્મ છે. મુનિધર્મ ઉત્તમક્ષમાદિ દશ પ્રકારનો કહ્યો છે. અહીં કાર્તિકેયાનુપ્રેક્ષામાંથી દશ ધર્મો વંચાય છે. આચાર્યદેવ કહે છે કે અહો, વીતરાગી ધર્મનું સ્વરૂપ પરમભક્તિથી અને ઉત્તમ ધર્મપ્રત્યેના પ્રેમથી જાણવા યોગ્ય છે, આદરપૂર્વક તેની ઉપાસના કરવા જેવી છે.

**(૧) ઉત્તમક્ષમાધર્મ સ્વરૂપ–**

દશલક્ષણ પર્વમાં પહેલો ઉત્તમ ક્ષમાધર્મનો દિવસ છે. ઉત્તમક્ષમાભાવરૂપે પરિણમેલા મુનિવરો રૌદ્ર-ભયાનક ઉપસર્ગ થવા છતાં ક્ષમાથી ચ્યુત થતા નથી ને ક્રોધાગ્નિથી તપ્ત થતા નથી, તેમને નિર્મળ ક્ષમા છે. શાસ્ત્રમાં તેના ઘણા દાખલા આપ્યા છે. સુકુમાર મુનિ, ગજસુકુમારમુનિ, કાર્તિકેયમુનિ વગેરે મુનિવરોએ ઘોર ઉપસર્ગ પ્રસંગે ક્રોધ કર્યા વગર ક્ષમાધર્મની આરાધના કરી ને સ્વર્ગ-મોક્ષના ઉત્તમપદને પામ્યા. સુદર્શન શ્રાવક વગેરે શ્રાવકોએ પણ ઉપસર્ગ પ્રસંગે ક્ષમાભાવ ધારણ કર્યા તે શ્રાવકની ઉત્તમ ક્ષમા છે.

ક્ષમાધર્મ પરમ શાંતિનો દેનાર છે, ને ક્રોધ દુઃખદાયી છે. પ્રાણ જાય એવો ઉપસર્ગ આવે તો પણ ધર્મી જીવો પોતાના ધર્મને છોડતા નથી. ક્રોધનું નિમિત્ત આવતાં

એમ વિચારવું કે જો કોઈ મારા દોષ કહે છે, તે દોષ જો મારામાં હોય—તો તેણે ખોટું શું કહ્યું ? અને જો મારામાં ન હોય એવો દોષ કોઈએ કહ્યો તો તે તો તેનું અજ્ઞાન છે, જાણ્યા વિના અજ્ઞાનથી તે કહે છે, એટલે એના ઉપર ક્રોધ શો ? એ તો અજ્ઞાનીનો એવો બાલસ્વભાવ છે એમ જાણી ક્ષમાભાવ રાખે. કોઈ દુષ્ટ વચન કહે, નિંદા કરે, મારે કે પ્રાણઘાત કરે, તો પણ મારા ધર્મનો ધ્વંસ કરવા કોઈ સમર્થ નથી. બહારની નિંદા-પ્રશંસા તો પૂર્વકર્મના ઉદય અનુસાર બને છે. ધર્મી તેનાથી પોતાને ભિન્ન જાણે છે. ક્ષમાથી ખસીને હું ક્રોધ કરું તો મારા ધર્મનો ધ્વંસ થાય, બીજો તો મારા ધર્મનો ધ્વંસ કરવા સમર્થ નથી, ને હું મારા ક્ષમાધર્મથી ખસતો નથી, પછી ક્રોધ રહ્યો જ ક્યાં ? ખરેખર તો ક્રોધ વગરનો મારો સ્વભાવ જ છે. મારા ઉપયોગસ્વભાવમાં ક્રોધ નથી,—આવા સ્વભાવની ભાવનામાં લીન થતાં ક્રોધની ઉત્પત્તિ જ થતી નથી.—એનું નામ ઉત્તમક્ષમાધર્મની ઉપાસના છે. ને આવી ક્ષમા તે સાધકને મોક્ષની સહચરી છે.

**(૨) માર્દવધર્મનું સ્વરૂપ**

દશલક્ષણ પર્વમાં બીજો માર્દવધર્મનો દિવસ છે. માર્દવ એટલે નિર્માનતા. ઉત્તમ નિર્માનતા કોને હોય ? મુનિઓને ઉત્તમ માર્દવરૂપ ધર્મરત્ન હોય છે તે મુનિ ઉત્તમ જ્ઞાન અને ઉત્તમ તપશ્ચરણ સહિત હોય છે તો પણ તે પોતાના આત્માને મદરહિત રાખે છે. જ્ઞાનનું કે તપનું અભિમાન થતું નથી. અહો, ક્યાં કેવળજ્ઞાનની અચિંત્ય તાકાત ! ને ક્યાં આ શાસ્ત્રજ્ઞાન ! એ તો કેવળજ્ઞાનના અનંતમાં ભાગનું છે. ભલે ૧૨ અંગનો ઉઘાડ હોય તોપણ કેવળજ્ઞાન પામે તો તે તરણાં સમાન છે, અનંતમા ભાગનું છે—આમ ધર્માત્મા મુનિઓને વિનયરૂપ નિર્માનપરિણતિ હોય છે.

અહો, ધન્યમુનિની નિર્માનદશા ! સ્વભાવની અધિકતા પાસે બીજાનું અભિમાન થતું નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની જેમ આ ઉત્તમ ક્ષમા, માર્દવ વગેરે ધર્મો છે તે પણ રત્ન છે. આવી અનંતી નિર્મળપર્યાયરૂપ ઉત્તમ રત્નોનો ભંડાર આત્મા છે એટલે આત્મા ચૈતન્ય રત્નાકર છે. આવા આત્માને જે અનુભવે તેને કોઈ બીજા વડે પોતાની મહત્તા લાગતી નથી, એટલે અન્ય પદાર્થોનું અભિમાન થતું નથી. તેમજ પર્યાયમાં જ્ઞાનાદિનો કાંઈક વિશેષ ઉઘાડ હોય તેનું પણ અભિમાન થતું નથી. પૂર્ણ સ્વભાવની ભાવના વડે તે પૂર્ણતાને જ સાધવા માગે છે.

**(૩) ઉત્તમ આર્જવ (સરળતા) ધર્મનું સ્વરૂપ**

દશલક્ષણ પર્વમાં ત્રીજો આર્જવધર્મનો દિવસ છે. આર્જવ એટલે સરળતા. રત્નત્રયધર્મની આરાધનામાં તત્પર મુનિરાજ મનથી, વચનથી કે કાયાથી વક્રતા કરતા

નથી. પોતાના દોષોને છુપાવતા નથી, સરળપણે દોષનું આલોચન કરીને છોડે છે, તેમને ઉત્તમ આર્જવધર્મ હોય છે. તેઓ બાળક જેવા સરળ હોય છે.

અહીં એકલા મન-વચન-કાયાના લક્ષે સરળતા રાખે છે તેની વાત નથી, તે તો શુભ કર્મના બંધનું કારણ છે ને અહીં તો સંવરના કારણરૂપ આર્જવધર્મનું વર્ણન છે. મન-વચન-કાયાની ક્રિયાઓથી પાર જે સહજ જ્ઞાનાનંદસ્વભાવ, તેમાં માયાચાર વગેરે વક્રતાનો અભાવ છે, એવા સ્વભાવની આરાધના વડે મિથ્યાત્વનો અભાવ તથા વક્રતાપરિણામનો અભાવ તે ઉત્તમ સરળતા છે, તે સંવરધર્મ છે. જ્યાં નિર્માનતા હોય ત્યાં જ આવી ઉત્તમ સરળતા હોઈ શકે. ગુરુ પાસે મારા દોષ પ્રગટ કરીશ તો મારું માન ઘટી જશે—એમ જો માન હોય તો તે દોષ પ્રગટ કરવામાં સરળતા કરી શકે નહિ, તેને માન કે માયાચાર થાય. અહો, મુનિવરો રત્નત્રયધર્મના આરાધક, તેમાં જરા પણ દોષ લાગી જાય તો તે સહન થઈ શકે નહિ, તરત સરળપણે તે દોષ પ્રગટ કરીને તેને છેદી નાંખે છે ને રત્નત્રયની શુદ્ધિ પ્રગટ કરે છે. એવા મુનિઓને ઉત્તમ સરળતા હોય છે. તેને અનુસરીને જિજ્ઞાસુને પણ પોતાના પરિણામમાં સરળતા હોય.

**(૪) ઉત્તમ શૌચધર્મનું સ્વરૂપ**

દશલક્ષણધર્મમાં ચોથો શૌચધર્મનો દિવસ છે. શૌચ એટલે પવિત્રતા, અથવા નિર્લોભતા, ચૈતન્યતત્ત્વના અતીન્દ્રિય આનંદના અનુભવ વડે લોભરહિત એવા નિર્મળ પરિણામ થાય કે બાહ્ય વિષયોની ચાહના ન રહે. સોનું હો કે તરણું હો, શત્રુ હો કે મિત્ર હો, રસવાન આહાર હો કે નીરસ હો,—એમાં સમભાવ થાય, પરમ આનંદના અનુભવરૂપ જળવડે તૃષ્ણારૂપ મલિનતાને ધોઈ નાંખે, અશુચિ પરિણામને ધોઈને શુચિરૂપ પરિણામ થાય તેનું નામ ઉત્તમ શૌચધર્મ છે. પરમાં સુખ માને તેને પરની તૃષ્ણા ટળે નહિ ને સંતોષરૂપ શૌચ થાય નહિ. સ્વદ્રવ્યના આનંદમાં જેને તૃપ્તિ થઈ છે તેને જ પરની તૃષ્ણા મટે છે. તેને દેહના જીવનનોય લોભ નથી. હું તો મારા આનંદ અને ચૈતન્ય વડે જીવનાર છું. ત્યાં બીજા જીવતરનો લોભ શો ? મારાથી જ હું તૃપ્ત ભરપૂર ભરેલો છું. ત્યાં બીજાની તૃષ્ણા શી ? આવા નિર્મળ ચિત્તવડે રાગદ્વેષરહિત પરિણામ થાય તેનું નામ શૌચધર્મ છે. સમ્યગ્દર્શનવડે ચિત્તની નિર્મળતા થયા વગર શૌચધર્મ હોય નહીં. પર પદાર્થના ચાહનારૂપ જે મેલ, તેને સ્વાનુભવના સંતોષરૂપ પવિત્ર જળ વડે ધોઈ નાંખીને આત્માને પવિત્ર કરવો તે ઉત્તમ શૌચધર્મ છે.

**(૫) ઉત્તમ સત્યધર્મનું સ્વરૂપ**

દશલક્ષણ પર્વમાં પાંચમો સત્યધર્મનો દિવસ છે. ભગવાન જિનેન્દ્રદેવની

વાણીમાં જે વસ્તુસ્વરૂપ કહ્યું છે તે સત્ય છે, તેવા વસ્તુસ્વરૂપને જાણવું. અને તે જિનસૂત્ર અનુસાર જ વચન કહેવા તે ઉત્તમસત્યધર્મ છે. ભગવાને કહેલા સત્ય વસ્તુસ્વરૂપને (જડ-ચેતનની ભિન્નતા વગેરેને) જે જાણે પણ નહિ ને વિપરીત માને તેને તો સત્યધર્મની આરાધના હોતી નથી, જ્યાં જ્ઞાન જ ખોટું છે ત્યાં સત્યધર્મ કેવો ?

ભગવાને સ્ફટિકની જેમ આત્માની નિર્મળતાને ધર્મ કહ્યો છે. ''जिन सोही है आतमा, अन्य सोही है कर्म''—શુદ્ધ આત્માનો સ્વભાવ જેમાં કર્મકલંક નથી—રાગ-દ્વેષ નથી, એવા આત્માની આરાધનાને ભગવાને ધર્મ કહ્યો છે. તે ધર્મનું પ્રતિપાદન કરનારી વાણી તે જ સત્ય વચન છે. એનાથી વિરુદ્ધ જે કહે, જે રાગાદિ કષાયભાવોને ધર્મ મનાવે—તે સત્યવચન નથી. રાગથી ધર્મ માનનારને વીતરાગમાર્ગમાં સત્યધર્મની આરાધના હોતી નથી. મુનિવરો પોતે તો અંતરમાં ચિદાનંદ સ્વભાવમાં એકાગ્રતા વડે વીતરાગી સત્યધર્મને આરાધી રહ્યા છે, ને વાણીમાં પણ એવા વીતરાગભાવરૂપ સત્યધર્મનું પ્રતિપાદન કરે છે. ગમે તેવી પ્રતિકૂળતામાંય ધર્મનું સ્વરૂપ વિપરીત કહે નહીં. એકલા લૌકિકમાં સત્ય બોલે પણ સત્યધર્મનું સ્વરૂપ જાણે નહીં તો તેને સત્યધર્મ હોતો નથી—આમ સત્ય વસ્તુસ્વરૂપ જાણીને સત્યધર્મની આરાધના કરવી જોઈએ.

**(૬) ઉત્તમ સંયમધર્મનું સ્વરૂપ**

દશલક્ષણ પર્વમાં છઠ્ઠો ઉત્તમ સંયમનો દિવસ છે. સાક્ષાત્ મોક્ષમાર્ગના આરાધક એવા મુનિવરોએ ઉત્તમક્ષમાદિ દશ ધર્મો હોય છે તેનું આ વર્ણન છે. આજે છઠ્ઠો દિવસ ઉત્તમ સંયમધર્મનો છે. મુનિવરોને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે એવી સંયમદશા પ્રગટી ગઈ છે કે એક તરણાંને પણ છેદવાની વૃત્તિ તેમને હોતી નથી. એકેન્દ્રિયાદિ કોઈ જીવને હણવાની વૃત્તિ થતી નથી, એ રીતે જીવોની રક્ષામાં તત્પર છે. અંદરમાં કષાયવડે આત્માની હિંસા થાય છે, એનાથી આત્માની રક્ષા કરવી એટલે પોતે પોતાના સ્વરૂપમાં એકાગ્રતારૂપ વીતરાગભાવ પ્રગટ કરવો તે સાચો સંયમધર્મ છે. ને આવો સંયમધર્મ હોય ત્યાં કોઈપણ જીવનું અહિત કરવાની વૃત્તિ હોય નહિ. તેમજ ઈન્દ્રિયવિષયોનો રાગ હોય નહિ એને સંયમ કહેવાય છે. આ સંયમ કોઈ દુઃખરૂપ નથી, એ તો વીતરાગી આનંદરૂપ છે. પહેલાં તો કષાયોથી અત્યંત ભિન્ન આત્માને જાણ્યો છે, એટલે કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનપૂર્વક સંયમધર્મ હોય છે. ધર્મી ગૃહસ્થને પણ સંયમધર્મની ભાવના હોય છે. તથા ત્રસહિંસાના તીવ્ર કષાયના પરિણામો તેને હોતા નથી.

**(૭) ઉત્તમ તપધર્મ**

દશલક્ષણ પર્વમાં સાતમો ઉત્તમ તપધર્મનો દિવસ છે. ચારિત્રની આરાધનામાં ઉગ્રતા કરવી તેનું નામ તપ છે. સમ્યગ્દર્શન અને જ્ઞાન ઉપરાન્ત ઉપયોગને ઉગ્રપણે સ્વરૂપમાં એકાગ્ર કરવાનો ઉદ્યમ તે ઉત્તમ તપ છે. ધર્માત્મા પોતાના ચૈતન્યના પરમ આનંદને સાધવામાં મશગુલ હોય ત્યાં આલોકના કે પરલોકના ભોગોની વાંછા તેને હોતી નથી, તથા શત્રુ-મિત્રમાં સમભાવ છે, અનુકૂળતા પ્રતિકૂળતામાં સમભાવ, સોનું કે તરણું તેમાં સમભાવ, નિંદા, પ્રશંસામાં તેમજ જીવન-મરણમાં પણ સમભાવ કરીને, રાગદ્વેષ રહિત ઉપયોગને નિજસ્વરૂપમાં થંભાવે તે મુનિને ઉત્તમ તપ છે. આવા તપ વડે આનંદની વૃદ્ધિ થાય છે ને વિભાવપરિણતિના સંસ્કાર છૂટે છે. આ રીતે ઉપયોગને શુદ્ધ કરીને સ્વરૂપમાં થંભાવે છે, અત્યંત બળપૂર્વક ઉપયોગને લીન કરે છે, તે પરમ તપધર્મ છે.

ભેદ અપેક્ષાએ તેના બાર પ્રકાર છે. પણ તે બધામાં આવી ઉપયોગની શુદ્ધિ સાથે હોય તો જ સાચું તપ કહેવાય. મુનિવરો આવા તપની આરાધનાવડે પોતાના આત્માને શુદ્ધ કરે છે.

**(૮) ઉત્તમ ત્યાગધર્મનું સ્વરૂપ**

દશલક્ષણપર્વમાં આઠમો દિવસ ઉત્તમ ત્યાગધર્મનો છે. ત્યાગ એટલે મમત્વનો અભાવ, જ્ઞાનદર્શનમય પોતાનો શુદ્ધઆત્મા, એના સિવાય સમસ્ત અન્ય ભાવોને પોતાથી ભિન્ન જાણીને છોડવા તે ઉત્તમ ત્યાગધર્મ છે. જ્યાં રાગાદિમાં મમત્વ હોય, રાગથી ધર્મ થવાની બુદ્ધિ હોય, પુણ્યના ફળમાં મીઠાશ હોય, ત્યાં ત્યાગધર્મ હોતો નથી. અંતરમાં શુદ્ધાત્માના અનુભવને લીધે સંસારથી, શરીરથી ને ભોગોથી જે અત્યંત વિરક્ત છે, અને તે સંબંધી રાગ-દ્વેષ જેને થતા નથી, તેના નિર્મળ પરિણામને ત્યાગધર્મ કહે છે. ચૈતન્યમાં લીનતા વગર ભોગથી વિરક્તિ થાય નહિ. જ્ઞાન વિના ત્યાગ નહિ. મુનિઓને મિષ્ટ આહારનું કે પીંછી કમંડળનું કે સ્થાન વગેરેનું મમત્વ હોતું નથી. જ્યાં દેહનું મમત્વ નથી ત્યાં બીજાની શી વાત! સમસ્ત બાહ્ય ભાવોથી વિરક્ત થઈને પરિણતિ અંતરસ્વરૂપમાં વળી ગઈ છે. પરભાવથી પાછો વળીને નિજસ્વભાવમાં એકાગ્ર થયો, તેમાં બધા પ્રકારનો ત્યાગ સમાઈ ગયો. આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શન-આનંદથી પરિપૂર્ણ છે, ને સર્વત્ર મમત્વ વગરનો છે—આવા સ્વભાવના અનુભવના બળે રાગ-દ્વેષ-મોહરૂપ મમત્વ પરિણામ છૂટી ગયા, તે જ ઉત્તમ ત્યાગધર્મ છે. અહો, આવા ત્યાગ ધર્મવંત સંત, તેના ચરણમાં નમસ્કાર છે.

પોતાના આત્માનું સુખ જેણે દેખ્યું હોય ને પરમાં સુખબુદ્ધિ જેને છૂટી ગઈ હોય તેને જ ત્યાગધર્મની આરાધના હોય છે. પરમાં ને રાગમાં જે સુખ માને તે તેનો ત્યાગ કેમ કરે? એને તો પરભાવના ગ્રહણરૂપ મિથ્યાત્વનું સેવન છે. પહેલાં તો સમ્યગ્દર્શનની આરાધના વડે મિથ્યાત્વનો ત્યાગ કરે, પછી ચારિત્રદશા પ્રગટ કરતાં રાગ-દ્વેષનો પણ ત્યાગ થાય તે વસ્ત્રાદિ બહિરંગ પરિગ્રહ પણ છૂટી જાય—આ રીતે ઉત્તમ ત્યાગધર્મ હોય છે.

### (૯) ઉત્તમ આકિંચન્યધર્મનું સ્વરૂપ

દશલક્ષણધર્મમાં નવમો ઉત્તમ આકિંચન્યધર્મનો દિવસ છે. 'અકિંચન' એટલે 'કંઈ પણ મારું નથી' એવી ભાવનારૂપ પરિણતિ. જ્ઞાનદર્શનમય શુદ્ધઆત્મા એક જ મારો છે ને બીજું કાંઈ મારું નથી—એવા ભાનપૂર્વક આકિંચન્ય ધર્મ હોય છે. અહીં મુખ્યપણે મુનિની ભૂમિકાના ધર્મની વાત છે. એટલે અસ્થિરતાના રાગરૂપ વસ્ત્રાદિકનું મમત્વ પણ તેમને હોતું નથી. ઘર-વસ્ત્ર-સ્ત્રી-ધન વગેરેનો તો તેમને રાગ જ છૂટી ગયો છે. ને તેનો બહારમાં પણ ત્યાગ છે. શિષ્ય વગેરેના મમત્વનો પણ મુનિને ત્યાગ, તેનો વિકલ્પ છૂટીને સ્વરૂપમાં એકાગ્રતા એનું નામ ઉત્તમ આકિંચન ધર્મ છે, ને તે મોક્ષનું કારણ છે. ધર્મીને ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં પણ અકિંચન એવા જ્ઞાયકસ્વભાવનું ભાન તો થયું છે એટલે શ્રદ્ધા અપેક્ષાએ તો અકિંચનધર્મ તેને છે. હું જ્ઞાયકભાવમાત્ર છું. મોહનો એક અંશ પણ મારો નથી ને પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારું નથી—આવી શુદ્ધચૈતન્યની અનુભૂતિ ઉપરાંત તેમાં વિશેષ લીનતાવડે એવો વીતરાગભાવ પ્રગટે કે અસ્થિરતારૂપ મમત્વ પરિણામ પણ ન થાય—એનું નામ આકિંચન્ય ધર્મ છે.

### (૧૦) ઉત્તમ બ્રહ્મચર્યનું સ્વરૂપ

દશલક્ષણધર્મમાં દસમો ઉત્તમ બ્રહ્મચર્યધર્મનો દિવસ છે. બ્રહ્મસ્વરૂપ આત્મા તેના આનંદમાં લીન મુનિવરોને બાહ્ય વિષયોથી અત્યંત વિરક્તિ હોય છે. એટલે સ્ત્રી સંબંધી રાગવૃત્તિ જ થતી નથી અને ઉત્તમ બ્રહ્મચર્યધર્મની આરાધના હોય છે. આવો બ્રહ્મચર્યધર્મ સમ્યગ્દર્શનપૂર્વક જ હોય છે. જેને સમ્યગ્દર્શન ન હોય, આત્માનું ભાન ન હોય, ને પરમાં સુખબુદ્ધિ હોય, તેને નિર્વિષય એવો બ્રહ્મચર્યધર્મ હોતો નથી અને આત્માનું ભાન હોય, વિષયોમાં સુખબુદ્ધિ છૂટી ગઈ હોય, છતાં જેટલો સ્વસ્ત્રીઆદિ પ્રત્યેનો રાગભાવ છે તેટલું પણ અબ્રહ્મચર્ય છે. સ્વરૂપમાં લીન મુનિવરોને એવો રાગ પણ હોતો નથી. આવી આત્મલીનતાનું નામ બ્રહ્મચર્ય છે. જ્યાં પોતાના ચૈતન્યના

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## મોક્ષ પામવાની કળા

આત્માને સાધ્યની સિદ્ધિ એટલે કે મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે થાય ?—કે મોક્ષાર્થીએ પ્રથમમાં પ્રથમ પૂર્ણાનંદના નાથ નિજ ભગવાન આત્માને જાણવો. સ્વસંવેદનપૂર્વક 'જાણનાર'ને જાણવો. પુણ્યનો પ્રેમ છોડીને મોક્ષ નામ પૂર્ણાનંદના લાભનો અર્થી બનીને સૌપ્રથમ 'જ્ઞ'—સ્વભાવી જ્ઞાયકતત્ત્વને જાણવું. એ રીતે આત્માને જાણીને, જાણેલા આત્માની શ્રદ્ધા વડે આત્મામાં ઠરવું—તે એક જ સાધ્યનો—આત્માની સિદ્ધિનો માર્ગ છે. અન્ય કોઈ ઉપાયે સિદ્ધિ થતી નથી.

સમયસારની ગાથા ૧૭-૧૮ દ્વારા આચાર્યદેવે સાધ્ય આત્માની સિદ્ધિનો ઉપાય દૃષ્ટાંતથી સમજાવે છે.

જ્યમ પુરુષ કોઈ નૃપતિને જાણે પછી શ્રદ્ધા કરે,
પછી યત્નથી ધન-અર્થી એ અનુચરણ નૃપતિનું કરે. ૧૭.
જીવરાજ એમ જ જાણવો, વળી શ્રદ્ધવો પણ એ રીતે,
એનું જ કરવું અનુચરણ પછી યત્નથી મોક્ષાર્થીએ. ૧૮.

જેમ કોઈ ધનનો અર્થી પુરુષ પ્રથમ તો જાણે કે આ રાજા છે, પુણ્યવંત છે, ઘણી આવક-ઊપજ છે, તે રાજા જ છે એમ પ્રથમ જાણે, પછી તેનું શ્રદ્ધાન કરે. જાણ્યા વિના શ્રદ્ધાન કોનું કરે ? માટે તે પ્રથમ તો એમ જાણે છે કે આ રાજા જ છે. ત્યારબાદ તેનું શ્રદ્ધાન કરે કે આ અવશ્ય રાજા જ છે ને તેનું સેવન કરવાથી જરૂર ધનની પ્રાપ્તિ થશે. એ રીતે પ્રથમ રાજાને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને ધન-અર્થી પુરુષ તે રાજાનું પ્રયત્નપૂર્વક અનુચરણ નામ સેવા કરે છે, તેની આજ્ઞામાં રહે છે.

તેવી રીતે મોક્ષાર્થીએ એટલે કે જીવને મોક્ષનું જ પ્રયોજન છે એવા મોક્ષાર્થીએ સૌ પ્રથમ આત્માને જાણવો. હજુ જેને રાગની રુચિ પડી છે, અરે ! પૈસાનો જ પ્રેમ વર્તે

નમું સિદ્ધ પરમાત્મને, અક્ષય બોધસ્વરૂપ;
જેણે આત્મા આત્મરૂપ, પર જાણ્યું પરરૂપ. ૧. —શ્રી સમાધિતંત્ર

છે ને પૈસા વધુને વધુ પ્રાપ્ત કરવામાં વ્યતીત થતાં કાળની પણ જેને ખટક નથી તેવા જીવને તો અહીં આચાર્યદેવે સંબોધન પણ નથી કર્યું. અહીં તો સિદ્ધિનો ઉપાય સમજાવતાં શરત રજૂ કરી છે કે તારે મોક્ષાર્થી બનવું પડશે. બીજું કાંઈ પણ પ્રયોજન તારે ન હોવું જોઈએ, એક માત્ર મોક્ષનું પ્રયોજન હોવું જોઈએ.

મોક્ષ એટલે મહાઆનંદના લાભની સાક્ષાત્ પ્રાપ્તિ. એવો મોક્ષ જેનું પ્રયોજન છે એવા મોક્ષાર્થી જીવે સૌ પ્રથમ આત્માને જાણવો, જાણનાર એવા 'જ્ઞ' સ્વભાવી આત્માને સ્વસંવેદનપૂર્વક જાણવો, કારણ કે જ્યાં સુધી આત્માને જાણ્યો નથી ત્યાં સુધી આત્માનું શ્રદ્ધાન કેવી રીતે કરશે ?

સૌ પ્રથમ તો જ્ઞાનસ્વરૂપી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને જ્ઞાતાનું જ્ઞાન કરવું. જ્ઞાનની એક સમયની પર્યાયમાં આખો ત્રિકાળી જ્ઞાતા આવી જતો નથી પણ જ્ઞાતાનું જ્ઞાન જ્ઞાનપર્યાયમાં આવે છે. માટે મોક્ષાર્થીએ પ્રથમ જ્ઞાતાને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને જાણવો.

મોક્ષાર્થીએ જેનો પર્યાયમાં મોક્ષ કરવો છે ને જે વસ્તુસ્વભાવે મોક્ષસ્વરૂપ જ છે તેને—આત્માને જાણવો, પછી આત્માની શ્રદ્ધા કરવી. અતીન્દ્રિય પરમ આનંદકંદ સચ્ચિદાનંદ સ્વરૂપ આ આત્મા છે, એમ આત્માનું શ્રદ્ધાન કરવું. પ્રથમ જ્ઞાનમાં જે જણાયો એવા જ આત્માનું શ્રદ્ધાન કરવું કે આ જ આત્મા છે તેનું જ આચરણ કરવાથી સર્વ કર્મોથી છૂટી શકાશે—પરમાનંદ દશા પ્રાપ્ત થશે. એ સિવાય બાહ્ય ક્રિયાકાંડથી કે પંચમહાવ્રતાદિથી કે એકલા શાસ્ત્રઅભ્યાસથી કર્મોથી છૂટી શકાતું નથી. પણ આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ અનુષ્ઠાન કરવાથી જ, અભેદ આત્મામાં ઠરવાથી જ મોક્ષ થઈ શકે છે—એમ શ્રદ્ધાન કરવું.

એ રીતે આત્માને જાણીને, તેની શ્રદ્ધા કરીને, ત્યાર પછી તેમાં જ ઠરવું, એક આત્મામાં જ રમણ કરવું. આત્મામાં જ લીન થવું. અતીન્દ્રિયસ્વરૂપ ભગવાન આત્મામાં લીન થવાથી સાધ્ય એવા મહા આનંદરૂપ મોક્ષની—આત્માની સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, મોક્ષરૂપ પ્રયોજન સિદ્ધિ થાય છે.

એ જ વાત વિશેષ રીતે સમજાવે છે.

અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવે છે. જ્ઞાનની પર્યાયમાં જીવ અનાદિ બંધને સ્વયં વશ થઈને, રાગને

> **બોલ્યા વિણ પણ ભારતી-ઋદ્ધિ જ્યાં જયવંત,**
> **ઇચ્છા વિણ પણ જેહ છે તીર્થંકર ભગવંત,** **–શ્રી સમાધિતંત્ર**

જાણવાના કાળે જ્ઞાનને નહીં જાણતાં જ્ઞાનમાં જે જણાય છે એવા રાગ ને વિકલ્પ સાથે જ એકતાબુદ્ધિ કરે છે, રાગને જાણવાના કાળે જાણનાર જ્ઞાયક છે તે જ જણાય છે, કારણ કે રાગ તો અચેતન છે, જ્ઞાનનું જ્ઞેય છે, તેનામાં જ્ઞાનનો અંશ નથી, તોપણ અજ્ઞાની જીવ સ્વતંત્રપણે અનાદિ બંધને વશ થઈને રાગ, વિકલ્પ ને પરદ્રવ્યો સાથે એકતાબુદ્ધિ કરતો હોવાથી, આ અનુભૂતિ તે જ હું છું—એવું આત્મજ્ઞાન તેને ઉદય થતું નથી.

એ રીતે આત્મજ્ઞાનના ઉદય વિના આત્માની સાચી શ્રદ્ધા ઉદય પામતી નથી, કારણ કે નહીં જાણેલાની શ્રદ્ધા, ગધેડાંના શીંગડાની શ્રદ્ધા સમાન હોવાથી અજ્ઞાનીને સાચું શ્રદ્ધાન પણ ઉદય પામતું નથી. આત્માનાં જ્ઞાન ને શ્રદ્ધાન વિના સમસ્ત અન્ય ભાવોના ભેદજ્ઞાનના અભાવને લીધે આત્મામાં નિઃશંકપણે ઠરવું અશક્ય છે. આત્માના જ્ઞાન-શ્રદ્ધા વિના ઠરવાપણું બની શકતું નથી. તેથી આત્મામાં લીન થવા ચારિત્રનો પણ ઉદય થતો નથી.

તેથી મોક્ષસ્વરૂપ પૂર્ણાનંદ પરમતત્ત્વ કે જે એક માત્ર સાધ્ય છે તેની સિદ્ધિ જ્ઞાન શ્રદ્ધાન ને ચારિત્ર વિના થઈ શકતી નથી માટે મોક્ષાર્થીએ સાધ્ય આત્માની સિદ્ધિની ઉપર કથિત વિધિ જાણીને મહા આનંદના લાભની—મોક્ષની પ્રાપ્તિ કરવી. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

અતીન્દ્રિયરૂપને દેખવામાં મશગુલ છે ત્યાં સ્ત્રીના રૂપને દેખવાનો રાગ ક્યાંથી થાય ? એ જડનું ઢીંગલું છે. ચૈતન્યના અતીન્દ્રિયરૂપની રુચિ થઈ ને તેમાં લીનતા થઈ ત્યાં આનંદનું વેદન એવું પ્રગટ્યું કે બાહ્યવિષયો તરફ વૃત્તિ જ થતી નથી. બાહ્યવિષયોમાં સ્ત્રીને મુખ્ય ગણીને તેની વાત કરી છે. સર્વ પ્રકારથી સ્ત્રીસંગનો ત્યાગ ને ચૈતન્યના આનંદમાં લીનતા તે બ્રહ્મચર્ય છે. રણસંગ્રામમાં હજારો યોદ્ધાને જીતી લેનારા શૂરવીર પણ સ્ત્રીના એક કટાક્ષ વડે વીંધાઈ જાય છે—માટે કહે છે કે એવા શૂરવીરને અમે શૂરવીર કહેતા નથી, ખરો શૂરવીર તો તે છે કે જે આત્મજ્ઞાની વિષયોથી વિરક્ત થયો છે ને સ્ત્રીના કટાક્ષબાણ વડે પણ જેનું હૃદય ભીંજાતું નથી, એવા જીવને ઉત્તમ બ્રહ્મચર્ય હોય છે.

આ પ્રમાણે ઉત્તમક્ષમાથી શરૂ કરીને ઉત્તમ બ્રહ્મચર્ય સુધીના દશ ધર્મો કહ્યા તેને પરમ ભક્તિથી જાણવા. આવા ધર્મના ધારક મુનિઓ પ્રત્યે ધર્મીને પરમ ભક્તિ-બહુમાનનો ભાવ આવે છે. ને પોતે પણ આત્માના ભાનપૂર્વક ક્રોધાદિના ત્યાગવડે તે ધર્મની આરાધના કરે છે. એવી આરાધના તે મોક્ષનું કારણ છે. એવી ધર્મની આરાધનાનું આ પર્વ છે.




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૮)

ટીકાકાર આચાર્યદેવ પણ કહે છે કે—

(અનુષ્ટુપ)

भावकर्मनिरोधेन द्रव्यकर्मनिरोधनम्।
द्रव्यकर्मनिरोधेन संसारस्य निरोधनम्॥३१॥

આત્મા પોતાના રાગાદિ રહિત શુદ્ધસ્વરૂપને સમજે અને તેમાં સ્થિરતા કરે તો રાગ-દ્વેષ રોકાય એટલે ભાવકર્મ ન થાય, ભાવકર્મનો અભાવ થતાં દ્રવ્યકર્મ પણ ન થાય અને દ્રવ્યકર્મ ન થાય તો નોકર્મ—શરીરાદિ ન મળે અને સંસાર ન રહે.

ટીકાકાર આચાર્યદેવ કહે છે કે—

(વસંતતિલકા)

संज्ञानभावपरिमुक्तविमुग्धजीवः
कुर्वन् शुभाशुभमनेकविधं स कर्म।
निर्मुक्तमार्गमणुमप्यभिवाञ्छितुं नो
जानाति तस्य शरणं न समस्ति लोके॥३२॥

અનાદિકાળથી સ્વરૂપના સાચા જ્ઞાનથી ભ્રષ્ટ થઈને અજ્ઞાનભાવે પુણ્ય-પાપ કરે છે અને તેને પોતાનાં માને છે, પણ પુણ્ય-પાપ રહિત આત્માના સ્વરૂપને ઓળખતો નથી. સ્વરૂપના અભાનમાં અનંતકાળ સંસારમાં ગયો, પણ જો આત્માના નિર્મળ અબંધસ્વરૂપની થોડી ઇચ્છા કરે—રુચિ કરે અને રુચિથી સ્વરૂપને સમજે તો સંસાર રહે નહિ. 'થોડી ઇચ્છા કરે' એમ કહેવાનો હેતુ એમ છે કે આત્માની સમજણ કરવામાં ઘણો (કેવળજ્ઞાન જેટલો) પુરુષાર્થ નથી, પણ આત્મસ્વરૂપની સમજણ સહેલી છે; દરેક જીવ આત્માની સાચી ઓળખાણ ન કરી શકે—એ વાત ખોટી છે. આત્માની સમજણ માટે તો

> વંદું તે સકલાત્મને શ્રી તીર્થેશ જિનેશ,
> સુગત તથા જે વિષ્ણુ છે, બ્રહ્મા તેમ મહેશ. ૨. —શ્રી સમાધિતંત્ર

ચોથો કાળ કે પંચમકાળ બંને સરખા જ છે. આત્માના બંધનરહિત સ્વરૂપની રુચિ કરે તો સમ્યક્ભાન થઈને કેવળજ્ઞાન થયા વગર રહે નહિ. બીજ ઊગી તે પૂર્ણિમા થાય જ. અહીં ''અબંધસ્વરૂપ આત્માની રુચિ'' એમ આત્મા તરફથી ભાષા લીધી છે. પણ 'કર્મ ખસી જતાં આત્માના ગુણનો ઉઘાડ થાય' એમ પરાશ્રિત ભાષા લીધી નથી. શુદ્ધ આત્મસ્વભાવના લક્ષે એકવાર પણ રુચિ કરીને સ્વરૂપને જાણે તો સ્વાધીન સ્વભાવના શરણે કેવળજ્ઞાન પ્રગટે. આ લોકમાં આત્મા સિવાય બીજું કાંઈ શરણભૂત નથી.

ટીકાકાર કહે છે કે :—

यः कर्मशर्म्मनिकरं परिहृत्य सर्वम्
निःकर्मशर्म्मनिकरामृतवारिपूरे।
मज्जन्तमत्यधिकचिन्मयमेकरूपं
स्वं भावमद्वयममुं समुपैति भव्यः॥३३॥

જે જીવ કર્મથી ઉત્પન્ન થયેલું એવું જે સંપૂર્ણ બાધાસહિત સુખ તેનો ત્યાગ કરે છે અર્થાત્ શુભ-અશુભભાવ અને તેના ફળનો જે સંપૂર્ણ ત્યાગ કરે છે તે ભવ્ય જીવ કર્મરહિત નિરાકુળ આનંદસમૂહરૂપ અમૃતસમુદ્રમાં ડૂબેલા અત્યંત શુદ્ધ ચૈતન્યમય એકરૂપ અદ્વિતીય પોતાના આત્મિક ભાવને પામે છે.

પુણ્ય-પાપના ભાવને પોતાના માને અને પુણ્યના ફળમાં મળેલી સગવડતાનો ભોગવટો કરવાની આકુળતા કરે તે બાધાસહિત સુખ છે. જેમ લાડવા ખાવા તેમાં સુખ માન્યું હોય તો તે બધું બાધાસહિત છે એટલે કે ખરેખર સુખ નથી. સુખની હદ ન હોય—કંટાળો ન હોય. લાડવામાં જો સુખ હોય તો બે કે ત્રણ લાડવા ખાઈને પછી કેમ તેના ઉપર અણગમો આવે છે? જો તેમાં સુખ હોય તો શું સુખ ઉપર અણગમો હોય? અજ્ઞાનીઓ તેમાં સુખ માને છે તેથી અહીં તેને બાધા સહિત સુખ કહ્યું છે—અને તે છોડવાનું કહ્યું છે. સંસારના સંપૂર્ણ વિઘ્નવાળા સુખને જો અંતરથી છોડી દે તો તે ભવ્ય સમ્યગ્દષ્ટિ જીવ આત્માના નિર્બાધ નિરાકુળ આનંદના સમૂહરૂપ અમૃતસમુદ્રમાં ડૂબીને—લીન થઈને તેનો અનુભવ કરે છે, અને અત્યંત શુદ્ધ સોળવલ્લા સુવર્ણની જેમ શુદ્ધ ચૈતન્યમય એકરૂપ અદ્વિતીય એવા પોતાના આત્મભાવને પ્રાપ્ત કરે છે.

હવે ટીકાકાર મુનિરાજ શુદ્ધઆત્માના અનુભવની ભાવનારૂપ કલશ કહે છે :—

**આગમથી ને લિંગથી, આત્મશક્તિ અનુરૂપ,**
**હૃદય તણા ઐકાગ્ર્યથી સમ્યક્ વેદી સ્વરૂપ,** **–શ્રી સમાધિતંત્ર**

(માલિની)

असति सति विभावे तस्य चिंतास्ति नो नः
सततमनुभवामः शुद्धमात्मानमेकम्।
हृदयकमलसंस्थं सर्वकर्मप्रमुक्तम्
न खलु न खलु मुक्तिर्नान्यथास्त्यस्ति तस्मात्॥३४॥

મુનિરાજ ભાવના કરે છે કે—મારા સ્વભાવમાં કોઈ પુણ્ય-પાપ વિકાર નથી, તેથી જે મારામાં નથી તેની મને ચિંતા નથી. હું સર્વ કર્મથી રહિત મારા શુદ્ધ સ્વભાવનો અનુભવ કરું છું; કેમ કે તે સિવાય—આત્માની શાંતિના વેદન સિવાય બીજો કોઈ મુક્તિનો ઉપાય નથી.

ટીકાકાર મુનિરાજ કહે છે કે—

(માલિની)

व्यवहरणनयोयं निश्चयान्नैवसिद्धि
र्न च भवति भवो वा निर्णयोऽयं बुधानाम्॥३५॥

સંસારી જીવોમાં રાગાદિ વિકારી અવસ્થા હોય છે અને સિદ્ધદશામાં નિત્ય શુદ્ધ નિર્વિકારી દશા હોય છે—એમ જીવોની અવસ્થામાં બે ભેદ પાડવા તે વ્યવહાર છે, વર્તમાનદષ્ટિ છે. પરમાર્થે આત્મા સંસાર-મોક્ષ એવા બે પડખાંથી રહિત નિત્ય એકરૂપ છે. જ્ઞાનીઓનો પરમાર્થ નિર્ણય છે કે—ભગવાન આત્મા બંધ-મોક્ષનાં બે પડખાંથી રહિત છે; બંધ-મોક્ષ તે વ્યવહારે છે ખરા, સર્વથા અભાવરૂપ નથી, પરંતુ અહીં વર્તમાનદષ્ટિ ગૌણ કરીને ત્રિકાળીસ્વભાવથી જોતાં ખરેખર આત્મા એકરૂપ નિરપેક્ષ છે.

જો નિમિત્તની અપેક્ષા લ્યો તો બંધ-મોક્ષ એવાં બે પડખાં પડે છે, પણ જો નિમિત્તની અપેક્ષા ન લેતાં, એકલું નિરપેક્ષ દ્રવ્ય લક્ષમાં લ્યો તો તે ત્રિકાળ એકરૂપ છે, તેમાં બંધ-મોક્ષના ભેદ નથી. આવા નિરપેક્ષ દ્રવ્યનાં લક્ષે નિર્મળ પર્યાય પ્રગટે છે.

ત્રિકાળ નિરપેક્ષ પરિપૂર્ણ સ્વભાવના લક્ષને છોડીને, 'સંસારદશા વખતે મોક્ષદશા ન હોય અને મોક્ષદશા વખતે સંસારદશા ન હોય' એવા વિકલ્પ કરી, બે ભેદ પાડી અવસ્થા ઉપર કોણ લક્ષ કરે? અવસ્થા ઉપર દષ્ટિ કરતાં તો વિકલ્પ ઊઠે છે; સ્વભાવદષ્ટિમાં સંસારદશા કે મોક્ષદશાનું લક્ષ નથી, એવા એકરૂપ સ્વભાવ ઉપર દષ્ટિનું જોર તે જ પરમાત્મદશા પ્રગટવાનું કારણ છે, બહારના ભંગભેદનું લક્ષ પરમાત્મદશાનું કારણ નથી. ૧૮.

(ક્રમશઃ) ❋



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આત્માના જ્ઞાનાનંદ સ્વભાવને અનુસરી વીતરાગી કથા થવી તેને અનુભવપ્રકાશ કહે છે. આત્મા કર્મના આવરણમાં ગુપ્ત છે, પણ તેથી આત્માનો અભાવ નથી. કોઈનો દીકરો ઘરમાં છે. તેના બાપને બજારમાં કોઈ દીકરાનું પૂછે તો દીકરો સાથે ન હોવા છતાં દીકરાનો અભાવ ન કહે, પણ દીકરો છે એમ કહે; તેમ આત્મા શીતલસ્વભાવી ને જ્ઞાનસ્વરૂપ છે, તે છતો સ્વભાવ છે, કર્મમાં ગુપ્ત છે માટે તે નથી એમ ધર્મી ન કહે.

જેમ બિલાડી લોટણ નામની વનસ્પતિને જોઈને ચક્રાવો માર્યા કરે, ફર્યા કરે તેમ સત્‌સ્વરૂપ એવા જ્ઞાનસ્વભાવને નહિ જોતાં સ્વરૂપની અસાવધાનીને લીધે જીવ પરિભ્રમણ કરે છે. પોતાનું સ્વરૂપ જ્ઞાન ને આનંદમય છે, તેને અવલોક્યા વિના પરને મારું માની પરિભ્રમણ કરે છે. પણ સ્વનું અવલોકન કરવાથી પોતાનું રાજ્ય પામે. અજ્ઞાની શુભાશુભમાં રોકાઈને જ્ઞાન-આનંદ સ્વભાવની સાવધાની કરતો નથી. પણ જો સ્વરૂપની શ્રદ્ધા કરી લીનતા કરે તો ત્રણે લોકના પદાર્થોનો જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય. વિકાર ટાળવો ને નવો વિકાર કરવો, તે પણ વસ્તુના સ્વરૂપમાં નથી. એક ક્ષણ પણ સ્વભાવસન્મુખ જુએ તો પોતે જ્ઞાતા-દ્રષ્ટા થઈ જાય. ચિદાનંદ તરફ વળ્યો તે ક્રિયા છે. પૂર્વે શરીર, મન, વાણીથી લાભ માનતો હતો તે ઊંધી પર્યાય નાશ પામીને જ્ઞાનક્રિયા થઈ તે ધાર્મિક ક્રિયા છે.

પોતે જ્ઞાતા-દ્રષ્ટા થવું દુર્લભ નથી, સુલભ છે; કેમકે તે પોતાની ચીજ છે. બહારના સંયોગો પોતાને આધીન રાખવા તે દુર્લભ છે. શરીર અનંત આવ્યાં ને ગયાં, પોતે એનો એ છે. જે છે તેને પામવું અથવા પ્રાપ્તની પ્રાપ્તિ છે તેથી સુલભ છે, ને જે શરીર આદિ પર છે, આત્માનાં નથી તે પામવા દુર્લભ છે.

જેટલા આત્મા છે તે બધા જ્ઞાનસ્વરૂપી છે, જાતિ અપેક્ષાએ બધા એક છે, ફેર નથી. તે પદ પામવું દુર્લભ નથી, પણ દુર્લભ માન્યું છે. આ વ્રત કરું, દેહાદિની ક્રિયા કરું તેથી ધર્મ પામું, એમ માનવાથી દુર્લભ થઈ પડ્યું છે.

**મુક્તિસુખ-અભિલાષીને કહીશ આતમરૂપ,**
**પરથી, કર્મકલંકથી, જેહ વિવિક્તસ્વરૂપ. ૩.** **–શ્રી સમાધિતંત્ર**

કોઈ પુરુષ પશુનો સ્વાંગ ધરે તેથી તે પશુ થતો નથી, કોઈ નાટકિયો સ્ત્રીનો સ્વાંગ ધરે તેથી તે સ્ત્રી થઈ જતો નથી; તેમ જ્ઞાનાનંદસ્વભાવી આત્મા શરીર આદિના સ્વાંગ ધરે ત્યાં અજ્ઞાની માની બેસે કે હું વાણિયો, હું સ્ત્રી, હું પુરુષ છું—એમ તે માની બેસે છે. ક્રોધ થયો ત્યાં ક્રોધી, દ્વેષ થયો ત્યાં દ્વેષી—એમ માને છે, પણ તે લાગણી કૃત્રિમ છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. જ્ઞાન-દર્શન પોતાનો સ્વભાવ છે, તે તો એવો ને એવો છે.

આત્મા અનાદિ-અનંત છે, ને શરીર આદિઅંતવાળું છે, અજ્ઞાની જીવ શરીરને પોતાનું માને છે, પણ પોતે તો ચિદાનંદ આત્મા છે, જ્ઞાન અને આનંદનો રસ છે. આનંદ રસાયણ-ધાતુ છે, તેની પ્રતીતિ કરે તો પુષ્ટિ થઈને સિદ્ધ થઈ જાય. પોતાનો છતો સ્વભાવ જ્ઞાન ને આનંદથી ભરેલો છે. છતી ચીજની પાસે જવું તે દુર્લભ નથી, અછતી ચીજ પાસે જવું દુર્લભ છે.

જેમ કોઈ લાકડાની પૂતળી બનાવી તેને સાચી સ્ત્રી માની બોલાવે ને પ્રેમ કરે, તેની સેવા કરે, પણ પછી જાણે કે આ લાકડાની છે ત્યારે પસ્તાય. તેમ આત્મા જડ શરીરની સેવા કરે છે, પણ શરીર લાકડા સમાન છે. તેને નવરાવવું, ધોવરાવવું વગેરે કર્યા કરે છે. અનાદિકાળથી આત્મા પોતાના શરીરની ને સ્ત્રીના શરીરની સેવા કરે છે. ઇન્દ્રિયોના વિષયો ધૂળ છે, છતાં તેમાં પ્રીતિ માની સેવા કરે છે, જડમાં સુખ કલ્પે છે.

જ્ઞાની સમજે છે કે આ રજકણો અનંતવાર આવ્યાં ને ગયાં, સ્ત્રી-પુરુષનાં શરીર, લક્ષ્મીના ઢગલા, વગેરે ઘણીવાર આવ્યા ને ગયાં. હું તો જાણવા-દેખવાના સ્વભાવવાળો જ છું.

દયા પાળશું ને વ્રત પાળશું તો ધર્મ થશે—એમ અજ્ઞાની માને છે. પુણ્ય-પાપથી ધર્મ માની તેનું રક્ષણ કરવા માગે છે, તે જીવ પણ જડની સેવા કરે છે, ચૈતન્યને ભૂલી જાય છે. પરંતુ પોતાના આત્માનું ભાન કરે કે હું જ્ઞાનસ્વરૂપ છું, તો જૂઠ જાણી તજી દે છે. મૃગલાને સૂર્યના તાપના કારણે ખારી જમીનમાં પાણી દેખાય છે, ત્યાં જળ નથી પણ મૃગે જળ માન્યું છે. તેમ શરીરથી ધર્મ થાય. દાનથી ધર્મ થાય. પરની સેવા કરીએ તો ધર્મ થાય—એમ જે માને છે તે પરને આત્મા માને છે, સ્વને આત્મા માનતો નથી.

ચિદાનંદ આત્માના જુદા જુદા વેષ દેખાય છે, તે આત્મા સાથે એકમેક થયા નથી. પુણ્ય-પાપથી લાભ કે ધર્મ માને તે મૃગજળમાં પાણી માનવા બરાબર છે. માટે

**આત્મ ત્રિધા સૌ દેહીમાં—બાહ્યાંતર-પરમાત્મ;**
**મધ્યોપાયે પરમને ગ્રહો, તજો બહિરાત્મ. ૪. –શ્રી સમાધિતંત્ર**

સાચી વસ્તુ જ્ઞાનથી જાણો. આત્મા જ્ઞાન ને આનંદથી ભરેલો છે. અજ્ઞાનથી થયેલી ભૂલ જ્ઞાનથી ટળે તેમ છે.

શ્રીગુરુ વારંવાર આ સાર કહે છે કે—તું જ્ઞાતા-દૃષ્ટા છો, રાગ કે શરીર સાથે મેળ કરવો રહેવા દે, પણ જ્ઞાન સાથે મેળ કર. વાણિયાનો છોકરો માછીમાર સાથે સંગ કરે તે શોભે નહિ. તેમ જ્ઞાનાનંદ સ્વભાવને વિકાર સાથે એકતાબુદ્ધિ કરવી ને તેનાથી કલ્યાણ થશે એમ માનવું તે ચૈતન્યને શોભતું નથી.

શ્રીગુરુ આમ સાચો ઉપદેશ આપે છે તે શિષ્યને ખ્યાલમાં આવે છે, છતાં અવિદ્યાનું આવરણ છે. કર્મનું આવરણ કહ્યું નથી. પુણ્ય-પાપથી કલ્યાણ માને તે અવિદ્યા છે, તેનું આવરણ છે તેથી જૂઠાને સાચું માને છે. રસ્સીમાં સર્પ ત્રિકાળ નથી. તેમ આત્માના સ્વરૂપમાં પરને મારું માનવારૂપી ઊંધી માન્યતા નથી. આ શરીર હું અને આનાથી મને લાભ—એવી કલ્પના પર્યાયમાં ઊભી કરે છે, પણ તે કલ્પના ત્રિકાળી સ્વરૂપમાં નથી.

સંપૂર્ણ સમુદ્રના જળથી ધોવા છતાં દેહ તો અપાવન જ છે, પરંતુ તેને પાવન માની રહ્યો છે. શરીરને પવિત્ર રાખું તો વિચાર સારા આવે—એમ અજ્ઞાની માને છે. જો તેમ હોય તો પાણીમાં સદાય રહેતાં માછલાંને સારા વિચાર હોવા જોઈએ. અજ્ઞાની જીવ માને છે કે સ્નાન કરવાથી કાયાનું કલ્યાણ થાય, પણ આખા સમુદ્રના પાણીથી શરીરને ધો તોપણ તે મલિન રહેવાનું. નાહ્યા પછી તુરત આંખમાંથી પાણી નીકળે, પરસેવો વળે વગેરે, માટે તેમાં પવિત્રતા નથી. અજ્ઞાની શરીરની સંભાળમાં રોકાઈ ગયો છે. ભગવાન આત્માનો જ્ઞાનપર્યાય સરખી રીતે ગોઠવવાનો તે પ્રયત્ન કરતો નથી, પણ રાગદ્વેષમાં ફરફર કરે છે. શરીર લોહી—માંસથી ભરેલું છે ને ચિદાનંદ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેનો ખ્યાલ કરતો નથી. ભાઈ, શરીર નબળું પડશે, ઝાડા થશે, વગેરે ઘણા પ્રકારે રોગ થશે, માટે શરીર પવિત્ર નથી. અનુકૂળ પર પદાર્થનો સદ્‌ભાવ રાખવા ને પ્રતિકૂળનો અભાવ કરવાના પ્રયત્ન કરી અજ્ઞાની જે રાગદ્વેષ કરે છે તે બધા નિરર્થક છે, જ્ઞાનીને નબળાઈને કારણે રાગદ્વેષ થાય છે, તે પરથી નથી. તે પોતાનો ચારિત્રદોષ છે. અજ્ઞાની પરને રાખવા માગે છે, તેથી મિથ્યાદર્શન સહિતનો દોષ છે. આવી રીતે શરીર વગેરે સુંદર હોય તો ઠીક એમ માની અજ્ઞાની ધીઠાઈ કરે છે. જુઓ, ભગવાનની વાણીએ આત્માના ગાણાં છે ! વળી જોરાવરીથી ઠીકરીનો રૂપિયો બનાવી તેને ચલાવવા માગે તો તેથી કોઈ વસ્તુ મળે નહિ. તેમ તું પુણ્ય-પાપને ભલાં માનીને ધર્મમાં ચલાવવા માગ તોપણ તેનાથી તેને ધર્મ થશે નહિ.

(ક્રમશઃ) ❊

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તે કેમ પ્રગટે ?

### (૧) સમ્યગ્દર્શન શું અને તેને કોનું અવલંબન

સમ્યગ્દર્શન પોતે આત્માના શ્રદ્ધાગુણની નિર્વિકારી પર્યાય છે. અખંડ આત્માના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટે છે. સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી, પણ નિર્વિકલ્પ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે. આ સમ્યગ્દર્શન જ આત્માના સર્વ સુખનું કારણ છે. 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, બંધરહિત છું' આવો વિકલ્પ કરવો તે પણ શુભરાગ છે, તે શુભરાગનું અવલંબન પણ સમ્યગ્દર્શનને નથી; તે શુભવિકલ્પને અતિક્રમતાં સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન પોતે રાગ અને વિકલ્પરહિત નિર્મળભાવ છે, તેને કોઈ વિકારનું અવલંબન નથી, પણ આખા આત્માનું અવલંબન છે,—આખા આત્માને તે સ્વીકારે છે.

એકવાર વિકલ્પ રહિત થઈને અખંડ જ્ઞાયકસ્વભાવને લક્ષમાં લીધો ત્યાં સમ્યક્ભાન થયું. અખંડ સ્વભાવનું લક્ષ એ જ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી છે. અખંડ સત્યસ્વરૂપને જાણ્યા વિના, શ્રદ્ધા કર્યા વિના 'હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું, અબદ્ધસ્પૃષ્ટ છું' એ વગેરે વિકલ્પો પણ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી નથી. એકવાર અખંડ જ્ઞાયક સ્વભાવનું લક્ષ કર્યું પછી જે વૃત્તિ ઊઠે તે વૃત્તિઓ અસ્થિરતાનું કાર્ય કરે, પરંતુ તે સ્વરૂપને રોકવા સમર્થ નથી, કેમ કે શ્રદ્ધામાં તો વૃત્તિ-વિકલ્પ રહિત સ્વરૂપ છે તેથી વૃત્તિ ઊઠે તે શ્રદ્ધાને ફેરવી શકે નહિ. જો વિકલ્પમાં જ અટકી જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. વિકલ્પરહિત થઈને અભેદનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે અને તે જ સમયસાર છે—એમ ગાથામાં કહે છે :—

कम्मं बद्धमबद्धं एवं तु जाण णयपक्खं ।
पक्खातिकंतो पुण भण्णदि जो सो समयसारो ।।१४२।।

છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;
પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે 'સમયનો સાર' છે. ૧૪૨.

આત્મભ્રાન્તિ દેહાદિમાં કરે તેહ 'બહિરાત્મ';
'આન્તર' વિભ્રમરહિત છે, અતિનિર્મળ 'પરમાત્મ'. ૫. –શ્રી સમાધિતંત્ર

'આત્મા કર્મથી બંધાયેલો છે કે આત્મા કર્મથી બંધાયેલો નથી' એવા બે પ્રકારના ભેદના વિચારમાં રોકાવું તે તો નયનો પક્ષ છે; 'હું આત્મા છું, પરથી જુદો છું' એવો વિકલ્પ તે પણ રાગ છે, એ રાગની વૃત્તિને—નયના પક્ષને ઓળંગે તો સમ્યગ્દર્શન પ્રગટે. ''હું બંધાયેલો છું અથવા હું બંધરહિત મુક્ત છું'' એવી વિચારશ્રેણીને ઓળંગી જઈને જે આત્માનો અનુભવ કરે છે તે જ સમ્યગ્દષ્ટિ છે અને તે જ સમયસાર અર્થાત્ શુદ્ધાત્મા છે.

'હું અબંધ છું, બંધ મારું સ્વરૂપ નથી' એવા ભંગની વિચારશ્રેણીના કાર્યમાં અટકે તો અજ્ઞાની છે, અને તે ભંગના વિચારને ઓળંગીને અભંગ ચૈતન્યસ્વરૂપને સ્પર્શી લેવું (અનુભવી લેવું) તે જ પહેલો આત્મધર્મ એટલે કે સમ્યગ્દર્શન છે. 'હું પરાશ્રય રહિત, અબંધ, શુદ્ધ છું' એવા નિશ્ચયનયના પડખાંનો વિકલ્પ તે રાગ છે, અને તે રાગમાં રોકાય (રાગને જ સમ્યગ્દર્શન માની લ્યે પણ રાગ રહિત સ્વરૂપને ન અનુભવે) તો તે મિથ્યાદષ્ટિ છે.

**(૨) ભેદના વિકલ્પ આવે ખરા છતાં તેનાથી સમ્યગ્દર્શન નથી.**

અનાદિથી આત્મસ્વરૂપનો અનુભવ નથી, પરિચય નથી, તેથી આત્મનો અનુભવ કરવા જતાં પહેલાં તે સંબંધી વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. અનાદિથી આત્માના સ્વરૂપનો અનુભવ નથી તેથી વૃત્તિઓનું ઉત્થાન થાય કે—હું આત્મા કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું, આમ બે નયોના બે વિકલ્પ ઊઠે છે; પરંતુ 'કર્મના સંબંધવાળો કે કર્મના સંબંધ વગરનો એટલે કે બદ્ધ છું કે અબદ્ધ છું' એવા બે પ્રકારના ભેદનો પણ એક સ્વરૂપમાં ક્યાં અવકાશ છે? સ્વરૂપ તો નયપક્ષની અપેક્ષાઓથી પેલે પાર છે. એક પ્રકારના સ્વરૂપમાં બે પ્રકારની અપેક્ષાઓ નથી. હું શુભાશુભભાવ રહિત છું એવા વિચારમાં અટકવું તે પણ પક્ષ છે, તેનાથી પણ પેલે પાર સ્વરૂપ છે, સ્વરૂપ તો પક્ષાતિક્રાંત છે, એ જ સમ્યગ્દર્શનનો વિષય છે એટલે કે તેના જ લક્ષે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તે સિવાય બીજો કોઈ સમ્યગ્દર્શનનો ઉપાય નથી.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું? દેહની કોઈ ક્રિયાથી તો સમ્યગ્દર્શન નથી, જડ કર્મોથી પણ તે નથી, અશુભરાગ કે શુભરાગ થાય તેના લક્ષે પણ સમ્યગ્દર્શન નથી અને 'હું પુણ્ય-પાપના પરિણામોથી રહિત જ્ઞાયકસ્વરૂપ છું' એવો જે વિચાર તે પણ સ્વરૂપનો

નિર્મળ, કેવળ, શુદ્ધ, જિન, પ્રભુ, વિવિક્ત, પરાત્મ,
ઇશ્વર, પરમેષ્ઠી અને અવ્યય તે પરમાત્મ. ૬. —શ્રી સમાધિતંત્ર

અનુભવ કરાવવા સમર્થ નથી. 'હું જ્ઞાયક છું' એવા વિચારમાં જે અટક્યો તે ભેદના વિચારમાં અટક્યો છે, તેને પણ સમ્યગ્દર્શન થતું નથી. સ્વરૂપ તો જ્ઞાતાદ્રષ્ટા છે, તેનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે. ભેદના વિચાર તે સમ્યગ્દર્શનનું સ્વરૂપ નથી.

જે વસ્તુ છે તે પોતાથી પરિપૂર્ણ સ્વભાવે ભરેલી છે. આત્માનો સ્વભાવ પરની અપેક્ષા વિનાનો એકરૂપ છે. 'કર્મના સંબંધવાળો છું કે કર્મના સંબંધ વગરનો છું' એવી અપેક્ષાઓથી તે સ્વભાવનું વેદન થતું નથી; જો કે આત્મસ્વભાવ તો અબંધ જ છે, પરંતુ 'હું અબંધ છું' એવા વિકલ્પને પણ છોડીને નિર્વિકલ્પ જ્ઞાતાદ્રષ્ટા નિરપેક્ષસ્વભાવમાં પરિણતિ વળતાં જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

પ્રભુ! તારી પ્રભુતાનો મહિમા અંદર પરિપૂર્ણ છે, પણ અનાદિથી તેની સમ્યક્ પ્રતીતિ વગર તેનો અનુભવ નથી. અનાદિથી પરલક્ષ કર્યું છે માટે સ્વભાવનું લક્ષ કર્યું નથી. શરીરાદિમાં તો તારું સુખ નથી, શુભરાગમાં તારં સુખ નથી અને 'શુભરાગ રહિત મારું સ્વરૂપ છે' એવા ભેદના વિચારમાં પણ તારું સુખ નથી. માટે તે ભેદના વિચારમાં અટકવું તે પણ અજ્ઞાનીનું કાર્ય છે. અને તે નયપક્ષના ભેદનું લક્ષ મૂકી દઈને અભેદ જ્ઞાતાસ્વભાવનું લક્ષ કરવું તે જ સમ્યગ્દર્શન છે અને તેમાં જ સુખ છે. અભેદ સ્વભાવનું લક્ષ કહો કે જ્ઞાતાસ્વરૂપનો અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો— તે આ જ છે.　　　　(ક્રમશઃ) ❋

---

## વસ્તુસ્થિતિ તો આવી છે

ધ્યાન તે પર્યાય છે અને ધ્યેય તે દ્રવ્ય છે એવા અનેક પ્રકારના વિકલ્પોવાળું શુભ તપ છે. એ પણ કલ્પનામાત્ર રમ્ય છે. ધ્યાનમાં અનેક પ્રકારની કલ્પના કરે કે આ દ્રવ્ય છે, આ પર્યાય છે, આત્મા આવો છે, આવો છે—એમ અનેક પ્રકારથી કલ્પના કરે તે પણ કલ્પનામાત્ર રમ્ય છે. આહાહા, આચાર્યદેવ નિયમસારમાં કહે છે કે આ શાસ્ત્ર મેં મારા માટે બનાવ્યું છે, તમારે સમજવું હોય તો સમજો, વસ્તુસ્થિતિ તો આવી છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું જે કાંઈ શુભાશુભ ભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે, આવું જાણીને જે બુદ્ધિમાન પુરુષો છે તે સહજ પરમાનંદરૂપી પીયૂષના પુરમાં લીન થઈ સહજ એક પરમાત્મસ્વરૂપનો આશ્રય કરે છે.

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

## જૈન એટલે જિનદેવનો ઉપાસક, તે કુદેવને કદી સેવે નહીં




ધર્મી જીવ વીતરાગ સર્વજ્ઞદેવને અને તેમના કહેલા જૈનમાર્ગને જ ઉપાસે છે, કુદેવાદિને સ્વપ્ને પણ ઉપાસતો નથી. અરે ભાઈ ! જૈન થઈને તું તારા ભગવાનને પણ ન ઓળખ ને બીજાને માન, તો તું જૈન શેનો ? જૈન પોતાના સર્વજ્ઞ-વીતરાગ-અરિહંત અને સિદ્ધ ભગવાન સિવાય બીજાને તો, માથું જાય તોપણ દેવ તરીકે માને નહિ. જેને પોતાના હિત-અહિતનો વિચાર નથી. સ્વ-પરની ભિન્નતાનું ભાન નથી, સર્વજ્ઞદેવ તથા કુદેવ વચ્ચેનો વિવેક નથી, એવા મિથ્યાદૃષ્ટિ જીવો પોતે અંધ છે.—સાચો માર્ગ તેમણે જોયો નથી, તો બીજાને તેઓ સાચો માર્ગ ક્યાંથી બતાવી શકે ? જેણે પોતે કદી માર્ગ દેખ્યો નથી એવો આંધળો બીજા આંધળાને કહે કે તું આ માર્ગે આવ ! એની જેમ મિથ્યાદૃષ્ટિ જીવ કે જેણે કદી આત્મા જાણ્યો નથી. મોક્ષમાર્ગ દેખ્યો નથી, સમ્યગ્જ્ઞાનચક્ષુ જેને ઉઘડ્યા નથી એવા અંધ જીવે બતાવેલા માર્ગથી અજ્ઞાનીઓ મોક્ષનો સાચો માર્ગ કઈ રીતે પામશે ? રાગથી ધર્મ મનાવે, શરીરની જડક્રિયાને આત્માની મનાવે, એ તો બધી વાત આંધળાએ બતાવેલા માર્ગ જેવી મિથ્યા છે, ને સંસારના કુવામાં પાડનારી છે. જેઓ સર્વજ્ઞ પરમાત્માને ઓળખતા નથી, આત્મા શું તે જાણતા નથી એવા મિથ્યાદૃષ્ટિ જીવોએ બતાવેલા કુમાર્ગને હે ભવ્ય તું માનીશ નહીં. એ માર્ગે જઈશ નહીં. સર્વજ્ઞના માર્ગને ઓળખીને ભક્તિથી તેનું સેવન કરજે. સર્વજ્ઞદેવના માર્ગને ઓળખીને સ્વ-પરનો વિવેક કરવો, અને સ્વતત્ત્વનો પરિચય તથા અનુભવ કરવો, તે દરેક જૈન શ્રાવકનું કર્તવ્ય છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—મોક્ષનું કારણ પરમપારિણામિક ભાવ છે કે ક્ષાયિક ભાવ?

ઉત્તર :—ખરેખર તો પરમપારિણામિક ભાવ જ મોક્ષનું કારણ છે પણ પર્યાયથી કહેવું હોય તો ક્ષાયિક, ઉપશમ, ક્ષયોપશમને પણ મોક્ષનું કારણ કહેવાય.

પ્રશ્ન :—માર્ગની યથાર્થ વિધિનો ક્રમ શું છે?

ઉત્તર :—આત્મા અચિંત્ય સામર્થ્યવાળો છે, તેમાં અનંત ગુણસ્વભાવ છે, તેની રુચિ થયા વિના ઉપયોગ પરમાંથી પલટીને સ્વમાં આવી શકતો નથી. પાપભાવોની રુચિમાં પડ્યા છે તેની તો શું વાત! પણ પુણ્યની રુચિવાળા બાહ્ય ત્યાગ કરે, તપ કરે, દ્રવ્યલિંગ ધારે તોપણ શુભની રુચિ છે ત્યાં સુધી ઉપયોગ પર તરફથી પલ્ટીને સ્વમાં આવી શકતો નથી. માટે પહેલા પરની રુચિ પલ્ટાવવાથી ઉપયોગ પર તરફથી પલ્ટીને સ્વમાં આવી શકે છે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.

પ્રશ્ન :—પહેલાં અશુભરાગ ટાળે ને શુભરાગ કરે તો પછી શુદ્ધભાવ થાય તેવો ક્રમ તો છે ને?

ઉત્તર :—એ ક્રમ જ નથી. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે પછી એકદમ

શુભરાગ ટાળી શકતો નથી તેથી પહેલાં અશુભરાગ ટાળીને શુભરાગ આવે છે, એ સાધકના ક્રમની વાત છે.

પ્રશ્ન :—મધ્યસ્થતાનો શું અર્થ થાય? શું પરદ્રવ્યની સામે જોઈને તેના પ્રત્યે મધ્યસ્થતા થઈ શકે છે?

ઉત્તર :—ખરેખર પરદ્રવ્ય સામે જોઈને તેના પ્રત્યે મધ્યસ્થ થવાતું નથી, પણ

ઇન્દ્રિય દ્વારા વિષયમાં બહાર ભમે બહિરાત્મ;
આતમજ્ઞાનવિમુખ તે માને દેહ નિજાત્મ. ૭. —શ્રી સમાધિતંત્ર

સ્વદ્રવ્યમાં લીન રહેતાં સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે મધ્યસ્થતા થઈ જાય છે. સ્વદ્રવ્યમાં લીન રહેવું તે અસ્તિ છે ને પરદ્રવ્ય પ્રત્યે મધ્યસ્થતા થવી તે નાસ્તિ છે.

હું સમસ્ત પરદ્રવ્યો પ્રત્યે અત્યંત મધ્યસ્થ થાઉં છું—એમ કહ્યું; ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વનું જ્ઞાન અને પંચમહાવ્રતરૂપ વ્યવહારરત્નત્રયનો આશ્રયપણું અહીં કાઢી નાખ્યો. વ્યવહારરત્નત્રય પણ પરદ્રવ્યના અવલંબને છે, માટે તે પ્રત્યે પણ હું મધ્યસ્થ છું, એટલે તે વ્યવહારરત્નત્રયનું અવલંબન છોડીને અભેદ આત્માનો જ આશ્રય કરું છું. શાસ્ત્રમાં વ્યવહારરત્નત્રયને નિશ્ચયરત્નત્રયનું કારણ કહ્યું હોય તે વાત ઉપચારની છે; અહીં વ્યવહારરત્નત્રયને હેય કહીને તેનો આશ્રય છોડાવ્યો છે; કેમ કે ખરેખર વ્યવહારરત્નત્રય તે નિશ્ચયરત્નત્રયનું કારણ નથી પણ સ્વદ્રવ્યાનુસાર પરિણતિ તે જ નિશ્ચયરત્નત્રયનું (શુદ્ધોપયોગનું) કારણ છે. વ્યવહારરત્નત્રય તે શુભોપયોગરૂપ છે ને નિશ્ચયરત્નત્રય તે શુદ્ધોપયોગરૂપ છે.

પ્રશ્ન :—"રાગ-દ્વેષ તો ધર્મ નહિ—અધર્મ છે" એમ આપ કહો છો માટે જ્યાં રાગદ્વેષ હોય ત્યાં ધર્મનો અંશ પણ ન હોવો જોઈએ?

ઉત્તર :—નીચલી દશામાં સમ્યગ્જ્ઞાનની સાથે અલ્પ રાગ-દ્વેષ પણ હોય છે, પણ જ્ઞાની જાણે છે કે તે અધર્મ છે, જેટલું રાગરહિત સ્વસંવેદન થયું તેટલો જ ધર્મ છે. કોઈ એમ કહે કે 'રાગ-દ્વેષ તો અધર્મ છે માટે જ્યાં રાગ-દ્વેષ હોય ત્યાં ધર્મનો અંશ પણ ન હોય.'—તો એમ નથી. રાગ-દ્વેષ પોતે ધર્મ નથી એ વાત સાચી, પણ અલ્પ રાગ-દ્વેષ હોવાં છતાં સમ્યક્શ્રદ્ધા-જ્ઞાનરૂપ ધર્મ હોઈ શકે છે. રાગને ધર્મ માને તો તે શ્રદ્ધા જ્ઞાન પણ મિથ્યા જ છે. પરંતુ રાગરહિત જ્ઞાનસ્વભાવને જાણીને તેની શ્રદ્ધા થઈ હોય ને રાગ સર્વથા ટળ્યો ન હોય તો તેથી કાંઈ શ્રદ્ધા-જ્ઞાન મિથ્યા થઈ જતા નથી. તેમ જ ત્યાં રાગ-દ્વેષરૂપ અધર્મ છે માટે સમ્યક્શ્રદ્ધા– જ્ઞાનમાં ખામી છે એમ પણ નથી; રાગ-દ્વેષ હોવા છતાં સમ્યક્શ્રદ્ધા પણ હોય છે. કેમ કે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વગેરે અનંતગુણો છે તે સર્વથા અભેદ નથી. પૂર્ણની શ્રદ્ધા થયા પછી પૂર્ણદશા પ્રગટતાં વાર લાગે છે. પરંતુ, પૂર્ણતા પ્રગટ થવાનો સ્વભાવ છે તે પ્રતીતમાં આવ્યો એટલે અલ્પકાળે પૂર્ણતા પ્રગટ થયા વિના રહેશે નહિ.

---

નરદેહે સ્થિત આત્મને નર માને છે મૂઢ,
પશુદેહે સ્થિતને પશુ, સુરદેહે સ્થિત સુર; ૮. –શ્રી સમાધિતંત્ર



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—અશુદ્ધતાની પરિણતિનું દુઃખ પણ વર્તે છે?

બેનશ્રીઃ—'હા', તેનું દુઃખ વર્તે છે. આ મારી પરિણતિ નથી, મારો સ્વભાવ નથી, તો પણ આ પરિણતિ થાય છે તેનો ખેદ છે. આચાર્યદેવ કહે છે ને! કે ખેદ છે કે આ વ્યવહારમાં ઊભું રહેવું પડે છે.

પ્રશ્ન :—ગુરુ કેવા હોવા જોઈએ? કેમ ઓળખવા?

સમાધાન :—યથાર્થ સત્‌નું સ્વરૂપ જેણે પ્રગટ કર્યું છે, અર્થાત્ જે યથાર્થ સ્વરૂપે પરિણમી ગયા છે તથા જે યથાર્થ વસ્તુસ્વરૂપને બતાવનાર છે તેને સાચા ગુરુ કહે છે.

ગુરુને પોતે યથાર્થ ઓળખીને ગ્રહણ કરવા જોઈએ. એટલી તો પોતાની તૈયારી હોવી જોઈએ. અંદરમાંથી એટલી જિજ્ઞાસા પ્રગટ કરીને સત્‌સ્વરૂપને બતાવનારા એવા ગુરુને પોતે ગ્રહણ કરે. પછી ગુરુ જે કહે છે તેનો આશય ગ્રહણ કરીને પોતે તે માર્ગે ચાલે તો માર્ગ પ્રગટ થાય છે.

પ્રશ્ન :—ગુરુના ચરણકમળમાં રહેવું એટલે શું?

સમાધાન :—ગુરુના ચરણકમળમાં રહેવું એટલે કે તેમનો આશય હૃદયમાં ગ્રહણ કરવો. ગુરુનું સાન્નિધ્ય મળે અને નિકટ રહેવાનું મળે તે મહાભાગ્યની વાત છે. ગુરુની સમીપ તેમની આજ્ઞામાં રહેવાનું બને, તેમનો આશ્રય મળે, તેમની ભક્તિ, સેવા કરવાનું મળે, હૃદયથી તે રીતે અર્પણતા હોય અને નજીક સમાગમ મળે તે મહાભાગ્યની વાત છે. તેમની સમીપ રહેવાનો કે તેમનો સમાગમ ન મળે તો ગુરુએ આજ્ઞા કહી તે હૃદયમાં રાખીને, ગ્રહણ કરીને વર્તે તો તેણે ગુરુના ચરણકમળને જ ગ્રહણ કરેલ છે.

પ્રશ્ન :—દ્રવ્ય ઉપર દૃષ્ટિ જવાથી પુરુષાર્થને વેગ મળે?

સમાધાન :—હા, દૃષ્ટિમાં નિશ્ચય છે કે હું શુદ્ધાત્મા છું, તેથી પુરુષાર્થને વેગ મળે છે. પણ સાથે પર્યાયમાં એમ જાણે કે મારે કરવાનું કાંઈ નથી તો પુરુષાર્થને વેગ મળતો નથી. દૃષ્ટિ સ્થિર થઈ, પણ પર્યાયમાં શુદ્ધતા પ્રગટ કરવાની બાકી છે એમ જાણે તો પુરુષાર્થને વેગ મળે છે. દૃષ્ટિમાં સ્થિરતા અને જ્ઞાનમાં જાણે કે હજી વિભાવ છે તેને ટાળવાનો છે—તો પુરુષાર્થને વેગ મળે છે.

પ્રશ્ન :— સત્પુરુષ મળે તેવી ઇચ્છા ઘણી હોય, પણ સંયોગ એવા હોય કે મળે નહિ. તેમાં પુરુષાર્થની ખામી નથી આવતી?

સમાધાન :—બહારથી સત્પુરુષ મળે તે પુણ્યનું કારણ છે. તેઓ પુરુષાર્થથી મળતા નથી. પુરુષાર્થ તો ચૈતન્યમાં કામ કરે છે. ચૈતન્ય પોતે સ્વતંત્ર છે. તેમાં સ્વભાવ પ્રગટ કરવો તે પોતાના હાથની વાત છે ને સત્પુરુષ મળવા તે પુણ્યનો પ્રકાર છે. તેવી જાતનાં પુણ્ય હોય તો યોગ મળી જાય છે, પણ પુરુષાર્થ કરવાથી મળતા નથી. પોતે ભાવના ભાવે ને એવી જાતનું પુણ્ય બંધાઈ જાય તો સત્પુરુષ મળે છે. પુણ્ય તે જુદી વસ્તુ છે, અને અંદર આત્માને પ્રગટ કરવો તે જુદું છે. સત્પુરુષ મળવા તે પુણ્યનું કારણ છે.

પ્રશ્ન :—સત્પુરુષ ન મળવા તે પાપનું કારણ છે?

સમાધાન :—સત્પુરુષ ન મળવા તે પોતાનો એવી જાતનો પુણ્યનો યોગ નથી, પાપનો ઉદય છે. આ પંચમકાળે જિનેન્દ્રદેવ–શાસ્ત્ર–ગુરુ મળવા તેની દુર્લભતા છે. સાક્ષાત્ દેવ–શાસ્ત્ર–ગુરુ ન મળવા તે પોતાના પુણ્યની ખામી છે. તેને એવી જાતના પાપનો ઉદય છે કે આ દુઃષમકાળમાં જન્મ થયો. પુણ્ય-પાપના કારણે સંયોગો છે, પોતાના હાથની વાત નથી. પોતાની ભાવના હોય ને એવી જાતનાં પુણ્ય બંધાઈ જાય તો પુણ્યથી સત્પુરુષ મળે છે.

પ્રશ્ન :—ઉપયોગ અંદરમાં ક્યારે જાય?

સમાધાન :—જેને બહારમાં ક્યાંય સાચેસાચ ગમે નહિ, યથાર્થપણે ગમતું જ ન હોય ત્યારે ઉપયોગને રહેવાનું સ્થાન બીજે ક્યાંય રહેતું નથી. ઉપયોગ ક્યાં ટકે? જ્યાં રુચિ હોય ત્યાં ટકે. બહાર ક્યાંય રુચતું જ નથી અને રાગનો પ્રેમ છૂટી જાય તો, ખરેખર તેને રુચિપૂર્વક રાગ થતો જ નથી. સાચેસાચ બીજે નથી રુચતું તો પછી જ્ઞાનનો ઉપયોગ ક્યાં ટકશે? પહેલાં તો શુભાશુભભાવમાં ટકતો હતો અને બહારનાં જ્ઞેયો સાથે રાગ અને દ્વેષાદિ થતા હતા, હવે ક્યાંય રુચતું નથી તો જ્ઞાનનો ઉપયોગ ક્યાં જશે? સ્વરૂપ તરફ જશે. ખરેખર જો તેને રસ તૂટી ગયો હોય, ક્યાંય ઊભું રહેવું રુચતું ન હોય તો હવે ક્યાં જવું? કોના આશ્રયમાં જવું? આ બહારનો આશ્રય તો ઠીક લાગતો નથી અને શુભાશુભભાવનો આશ્રય બરાબર લાગતો નથી તો ક્યાં જવું? તે પોતે પોતાના ચૈતન્યનો આશ્રય ગોતી લેશે અને અંદરમાં ગયા વગર રહેશે જ નહિ. અંતરનો આશ્રય તે શોધી લેશે. જો બહારમાં ટકી નહિ શકે તો, સ્વભાવનો આશ્રય શોધી લેશે.

પ્રશ્ન :—જ્ઞાની ચોવીસે કલાક શું કરે છે?

સમાધાન :—જ્ઞાનીને ચોવીસે કલાક જ્ઞાયકનો આશ્રય છે અને જ્ઞાયકની પરિણતિ છે. તેનો ઉપયોગ જે પ્રમાણે તેની દશા હોય તે પ્રમાણે બહારમાં જાય છે. ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિ હોય તો ગૃહસ્થાશ્રમનાં કાર્યોમાં તેનો ઉપયોગ જાય, પણ તેની પરિણતિ નિરંતર ચૈતન્યના આશ્રયમાં જ છે. તેણે ચૈતન્યનો જ આશ્રય લીધો છે, બહારનો આશ્રય છૂટી ગયો છે. ભલે બહારનું બધું ચાલતું હોય, પણ આશ્રય માટે ચૈતન્યઘર મળી ગયું છે. જેમ પોતાના ઘરમાં ઊભેલો માણસ પોતાના ઘરને છોડતો નથી, પોતાના ઘરમાં જ ચોવીસે કલાક ઊભો રહે છે, ઘરની બહાર બધા માણસો આવે તેની સાથે બોલે, ચાલે—બધો વ્યવહાર કરે, પણ પોતાનું ઘર છોડીને ક્યાંય જતો નથી, ઘરમાં જ ઊભેલો છે. તેમ જ્ઞાનીને ચૈતન્યનો આશ્રય ચોવીસે કલાક છૂટતો નથી. ઉપયોગ બહાર જાય છે, બધો વ્યવહાર દેખાય છે, દેવ-શાસ્ત્ર-ગુરુની પૂજા-ભક્તિ વગેરે બધાં કાર્યોમાં દેખાય છે, પણ આશ્રય તો ચૈતન્યનો છે.

---


## સત્સાહિત્ય પોસ્ટથી મંગાવવા બાબત

શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત સત્સાહિત્ય આપ ખરીદવા ઈચ્છતા હો તો જે પણ શાસ્ત્ર જરૂરીયાત હોય તેની કિંમતના પોસ્ટેજ સ્ટેમ્પ એક કવરમાં નીચે જણાવેલ એડ્રેસ પર મોકલી પોસ્ટથી મંગાવી શકો છો. આપને પોસ્ટેજ ફ્રી તે શાસ્ત્રો મોકલવામાં આવશે.

| શાસ્ત્રનું નામ | કિંમત | શ્રી દ્રવ્યસંગ્રહ | ૧૦=૦૦ | સમ્યગ્દર્શન ભાગ-૧ થી ૬ | ૭૨=૦૦ |
|---|---|---|---|---|---|
| શ્રી સમયસાર | ૩૦=૦૦ | શ્રી ગુરુદેવશ્રીનાં વચનામૃત | ૧૦=૦૦ | જૈન પૌરાણિક લઘુકથાઓ | |
| શ્રી પ્રવચનસાર | ૨૦=૦૦ | શ્રી બહેનશ્રીનાં વચનામૃત | ૧૦=૦૦ | ભાગ-૧ થી ૬ | |
| શ્રી નિયમસાર | ૨૦=૦૦ | શ્રી પંચસ્તોત્ર સંગ્રહ | ૧૦=૦૦ | (પ્રત્યેકની કિંમત રૂા.૩૦=૦૦) | |
| શ્રી પંચાસ્તિકાય સંગ્રહ | ૨૦=૦૦ | રત્નકરંડક શ્રાવકાચાર | ૩૦=૦૦ | શ્રી મહારાણી ચેલણા | ૧૦=૦૦ |
| શ્રી પરમાત્મપ્રકાશ | ૩૦=૦૦ | શ્રી બૃહદ્-દ્રવ્યસંગ્રહ | ૨૦=૦૦ | શ્રી ભગવાન પારસનાથ | ૧૦=૦૦ |
| શ્રી આત્માનુશાસન | ૧૦=૦૦ | શ્રી તત્ત્વજ્ઞાન તરંગીણી | ૧૦=૦૦ | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | ૧૩=૦૦ |
| શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા | ૨૪=૦૦ | શ્રી મોક્ષશાસ્ત્ર | ૪૦=૦૦ | સમ્યક્ત્વ કથા | ...૧૦=૦૦ |
| શ્રી ઈષ્ટોપદેશ | ૨૦=૦૦ | શ્રી સત્તાસ્વરૂપ | ૮=૦૦ | બે સખી | ૧૦=૦૦ |
| શ્રી ચિદ્‌વિલાસ | ૧૦=૦૦ | શ્રી સમાધિતંત્ર | ૨૦=૦૦ | દર્શન કથા | ૧૦=૦૦ |
| શ્રી અનુભવપ્રકાશ | ૨૦=૦૦ | શ્રી પંચાધ્યાયી પૂર્વાર્ધ | ૩૫=૦૦ | ભગવાન મહાવીરની | |
| શ્રી મોક્ષમાર્ગપ્રકાશક | ૩૦=૦૦ | શ્રી અષ્ટપ્રાભૃત | ૫૦=૦૦ | આચાર્ય પરંપરા | ૫૦=૦૦ |
| શ્રી છઢાળા | ૧૦=૦૦ | શ્રી નાટક સમયસાર | ૫૦=૦૦ | | |

એડ્રેસ : પુસ્તક વિભાગ
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (જિ. ભાવનગર, ગુજરાત)
પીન : ૩૬૪૨૫૦

વિશેષ માહિતી માટે

ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૫.
મો. ૦૯૭૩૭૧૫૪૧૦૮(નિર્મલભાઈ)નો સંપર્ક કરી શકો છો.

## બાળ વિભાગ

# ભરત ચક્રવર્તી અને પુત્રો વચ્ચેનો સંવાદ

હંમેશાની જેમ સમ્રાટ ભરત મહેલમાં બેઠાં છે. પાસે નમિરાજ, વિનમિરાજ (ભરતના પુત્રોના મામા) તથા તેમના સેંકડો પુત્રો બેઠા છે.

ભરતે પૂછ્યું—આ કુમારોએ શું-શું અધ્યયન કર્યું છે ? ત્યારે જવાબ મળ્યો કે તેઓ શસ્ત્ર-શાસ્ત્રાદિ અનેક વિદ્યાઓમાં નિપુણ છે. વિદ્યાધરોને ઉચિત અનેક વિદ્યાઓ તેમણે સિદ્ધ કરી છે, અને તેઓ સમ્યગ્દર્શનાદિથી પણ સંયુક્ત છે. ભરતે તે કુમારોને ત્યાં બેસાડી પોતાના પુત્રોને પણ બોલાવ્યા. ભરતના સેંકડો પુત્રો પંક્તિબદ્ધ થઈને ત્યાં આવવા લાગ્યા. પહેલાં મધુરાજ, વિધુરાજ નામના બે કુમારોએ આવીને પિતાના તથા માતાના ચરણમાં નમસ્કાર કર્યા અને બાકીના કુમારોએ પણ નમસ્કાર કર્યા. કુમારોમાં કોઈ પંદર વર્ષના છે, અને કોઈ તેથી પણ નાની ઉંમરના છે.

ભરતે પોતાના પુત્રોને કહ્યું—બેટા, તમે જરા તમારા શાસ્ત્રાનુભવ તો બતાવો, ત્યારે તે કુશળ કુમારોએ પોતાના શાસ્ત્રાનુભવને દર્શાવ્યો. ક્યારેક વ્યાકરણાદિથી શબ્દસિદ્ધિ કરી, ક્યારેક ન્યાયશાસ્ત્રોથી તત્ત્વસિદ્ધિ કરી, અને ક્યારેક એકધારાપ્રવાહી સંસ્કૃત બોલતા થકા તત્ત્વોનું પ્રતિપાદન કર્યું.

ભરતજી તેમના બોલવાથી પ્રસન્ન થયા, પરંતુ વિશેષ તત્ત્વચર્ચા કરાવવા ખાતર તે છૂપાવીને ફરીથી કહ્યું—કુમારો ! લોકરંજનની જરૂર નથી. મોક્ષસિદ્ધિને માટે શું સાધન છે તે કહો, બીજી ગડબડ છોડીને એ બતાવો કે કર્મોનો નાશ ક્યા પ્રકારે થાય છે ? તેના વિના આ બધું વ્યર્થ છે.

ભરતના પુત્રો નાની ઉંમરના હોવા છતાં પણ જ્ઞાની હતા, તત્ત્વોના જાણનાર હતા. તેઓ પણ તે ભવે મોક્ષ જનારા હતા. કુમારોએ જવાબ આપ્યો—પિતાજી ! પહેલી ભૂમિકામાં ભેદરત્નત્રય આવે છે ખરા, પણ કર્મોનો નાશ તો અભેદરત્નત્રયને ધારણ કરવાથી જ થાય છે. અભેદરત્નત્રય જ કર્મોના નાશનો ઉપાય છે. જ્યારે અભેદરત્નત્રયવડે કર્મોનો નાશ થાય છે. ત્યારે મોક્ષની સિદ્ધિ થાય છે.

ફરીથી ભરત મહારાજાએ પૂછ્યું કે—તે ભેદરત્નત્રયનું તથા અભેદરત્નત્રયનું સ્વરૂપ શું છે તે તો કહો.

ત્યારે પુત્રોએ કહ્યું :—જિનદેવની-ગુરુની ભક્તિ, તથા અનેક આગમશાસ્ત્રનું મનનપૂર્વક અધ્યયન કરવું વગેરે ભેદરત્નત્રય છે. (ભેદરત્નત્રયમાં શુભરાગ છે અને તે

બંધનું કારણ છે) તથા કેવળ પોતાના આત્મામાં લાગ્યા રહેવું તે નિશ્ચયરત્નત્રય (અથવા અભેદરત્નત્રય) છે અર્થાત્ કેવળ પોતાના આત્માની શ્રદ્ધા, પોતાના આત્માનું જ્ઞાન અને પોતાના આત્મામાં સ્થિરતા તે અભેદરત્નત્રય વીતરાગરૂપ છે અને તે જ મોક્ષનું કારણ છે.

આ સાંભળી નમિરાજે કહ્યું—કુમારોનું કહેવું બિલકુલ ઠીક છે.

ચક્રવર્તીએ નમિરાજને પૂછ્યું—શું ઠીક છે ? કહો તો ખરા !

નમિરાજે ઉત્તર આપ્યો કે, ભેદરત્નત્રય તે મુક્તિનું કારણ નથી, પણ શુદ્ધ આત્માની શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક તેમાં જ લીનતા કરવી તે અભેદરત્નત્રય શ્રેષ્ઠ મુક્તિમાર્ગ છે—એમ કુમારો કહેવા માંગે છે, તે યથાર્થ છે.

ભરતજીએ પ્રશ્ન કર્યો—શું વ્યવહારથી જ પર્યાપ્તિ નથી ? નિશ્ચયની શું જરૂરિયાત છે ?

નમિરાજે કહ્યું—વ્યવહારથી સ્વર્ગની પ્રાપ્તિ થઈ શકે છે. પણ તેનાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી નથી. મોક્ષસિદ્ધિને માટે નિશ્ચયની આવશ્યકતા છે.

નમિરાજની વાત સાંભળીને ચક્રવર્તી પ્રસન્ન થયા પરંતુ પોતાના કુમારોની દૃઢતા જોવા માટે, તે છૂપાવીને કહ્યું કે—નમિરાજ ! તમારી વાત મને પસંદ ન આવી, તમે બરાબર કહેતા નથી.

આ સાંભળતા જ ભરતના પુત્રો બોલી ઊઠ્યા કે—પિતાજી ! અમારા મામાજી તો બરાબર કહી રહ્યા છે. આવી સીધી વાતને તમે કેમ કબુલતા નથી ?

ભરતે કહ્યું—તમે કોઈ કારણે તમારા મામાનો પક્ષ કરી રહ્યા છો. આ મારા બીજા પુત્રો આવી રહ્યા છે તેમને આ વાત પૂછીશું. તેઓ શું કહે છે તે જુઓ.

એટલામાં જ પુરુરાજ અને ગુરુરાજ એ બે કુમારો આવ્યા, તેમણે ભરતજીને પૂછ્યું ત્યારે તેઓએ પણ એમ જ કહ્યું કે નિશ્ચયરત્નત્રય જ મોક્ષનું કારણ છે પણ ભરત કહે હું તે સ્વીકારતો નથી.

એ પ્રમાણે બીજા અનેક કુમારો આવતા ગયા અને ભરત તેમને પૂછતા ગયા. બારસો કુમારોને પૂછ્યું પણ તે બધાએ દૃઢતાથી એક જ પ્રકારે ઉત્તર આપ્યો. છેવટે સૌથી મોટા કુમારો અર્કકીર્તિ, આદિરાજ અને વૃષભરાજ આવ્યા. ભરતજીએ તેમને પ્રશ્ન કર્યો કે—બેટા, મારી અને તમારા મામાની વચ્ચે એક જ વિવાદ ઉપસ્થિત થયો છે. તેનો નિર્ણય તમારે આપવો જોઈએ.

કુશળ કુમારો વચમાં જ બોલી ઉઠ્યા—પિતાજી ! અને મામાજીના વિવાદમાં વચ્ચે પડવાનો અમારો અધિકાર નથી. આપ લોકો શ્રી આદિનાથ દાદાના દરબારમાં જઈ શકો છો, ત્યાં સર્વ નિર્ણય થઈ જશે.

સમ્રાટે કહ્યું—આ તો સાધારણ વાત છે, તમે સાંભળો તો ખરા. કુમારો ! મુક્તિ માટે આત્મધર્મ અર્થાત્ નિશ્ચયરત્નત્રયની શું આવશ્યકતા છે ? શું વ્યવહાર કે બાહ્યધર્મ જ પર્યાપ્ત નથી ? આ નમિરાજ કહે છે કે—સ્થૂળધર્મથી (વ્યવહારધર્મથી) સ્વર્ગની પ્રાપ્તિ થાય છે—મોક્ષની પ્રાપ્તિ તેનાથી થતી નથી. આત્મધર્મથી (નિશ્ચયધર્મથી) મુક્તિની પ્રાપ્તિ થાય છે.—આ સંબંધમાં તમારો શું મત છે તે જણાવો.

આ સાંભળતા જ તે પુત્રો આશ્ચર્યચકિત થઈ ગયા. મનમાં સોચવા લાગ્યા કે—અરે, આ શું ! પિતાજી તો અમને હંમેશા કહ્યા કરતા હતા રે મુક્તિને માટે આત્માનુભવ એ જ મુખ્યસાધન છે, અને આજે તેનાથી ઊલટું આ શું કહી રહ્યા છે !! આનું કારણ શું હશે ! પુત્રોનો સંકોચ જોઈને ભરત બોલ્યા—પુત્રો ! સંકોચ ન રાખો, જે સત્ય હોય તે કહો.

ત્યારે કુમારો દૃઢતાપૂર્વક બોલ્યા—પિતાજી ! નિશ્ચયરત્નત્રય એ જ મોક્ષનું કારણ છે. વ્યવહારધર્મ તો શુભરાગ છે. તે મોક્ષનું કારણ નથી. મામાજીની વાત બિલકુલ સત્ય છે, આપે પણ તે મંજૂર કરવી જોઈએ.

છેલ્લા કુમારોની દૃઢતા જોઈને ચક્રવર્તીએ કહ્યું—બેટા, મને એમ હતું કે તમારા કુંવારા ભાઈઓએ તો મામાનો પક્ષ ગ્રહણ કર્યો પરંતુ તમે અવશ્ય મારા પક્ષમાં રહેશો. પરંતુ તમે પણ મામાનો જ પક્ષ ગ્રહ કર્યો....અચ્છા ! તમારી મરજી !

કુમારો બોલ્યા પિતાજી અમે જૂઠ કેમ બોલી શકીએ ? અમને જે સત્ય લાગ્યું તે જ કહ્યું છે. સત્ય વાત તો આપે પણ સ્વીકારવી જોઈએ.

કુમારોની વાત સાંભળીને ભરતચક્રવર્તી પ્રસન્ન થયા. અને નમિરાજ પ્રત્યે કહેવા લાગ્યા—જુઓ ગમે તેમ આ બધા શ્રી ભગવાન આદિનાથ સ્વામીના પૌત્રો છે ! તેમનું શું વર્ણન કરું ! સાક્ષાત્ પિતા હોવા છતાં પણ તેઓએ મારો પક્ષ ગ્રહણ કરીને વાત ન કરી, પણ જે યથાર્થ મોક્ષમાર્ગ છે તે જ તેઓએ કહ્યો. આથી તેમની તત્ત્વજ્ઞાનની દૃઢતા અને સત્યપ્રિયતા છે તે જણાયા વગર રહેતી નથી.

અહા, ધન્ય છે તે ધર્મકાળ અને ધન્ય તે ધર્માત્માઓ ! જ્યારે પારણામાંથી જ બાળકોને તત્ત્વનું સિંચન મળતું, સાચું તત્ત્વજ્ઞાન ઘેર ઘેર મળતું અને તે આત્માઓ પણ કુમારવયથી જ તત્ત્વના પ્રેમીઓ હતા, તત્ત્વજ્ઞાન એ તેઓના જીવનનું મુખ્ય અંગ હતું.....આજે...પણ....

હજી તત્ત્વજ્ઞાનનો સર્વથા વિચ્છેદ નથી થયો, સત્પુરુષોની પરમ કરુણાથી આજે પણ સત્ય તત્ત્વનો ધોધ ભારતમાં વહી રહ્યો છે....ભારતના આજના કુમારો પણ ભરતના પુત્રોની જેમ તત્ત્વજ્ઞાનમાં રસ લેતા બનો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (તેરમી વખતથી પહેલાના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

વઢવાણ નિવાસી સ્વ. કનુભાઈ રતીલાલ હોલકર (હાલ અમદાવાદ) (ઉ.વ. ૮૭) તા. ૨૩-૬-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

વઢવાણ નિવાસી (હાલ અમદાવાદ) સ્વ. નિર્મળાબેન કનુભાઈ હોલકર (ઉ.વ. ૮૫) તા. ૩૦-૬-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

આંકડિયા નિવાસી (હાલ ભિલાઈ) ચન્દ્રિકાબેન પ્રફુલ્લભાઈ ઠોસાણી (ઈ.વ. ૭૮) તા. ૩-૭-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

નવીનચંદ્ર હરિલાલ શાહ (ઉ.વ. ૭૦) તા. ૯-૭-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

રાજકોટ નિવાસી કે.પી. પીઠડિયા (ઉ.વ. ૯૧) તા. ૧૬-૭-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન થયેલ છે.

દહેગામ નિવાસી શાંતાબેન હીરાલાલ શાહ (—તેઓ શ્રી હીરાલાલ ભીખાલાલ શાહ દહેગામવાળાના ધર્મપત્ની) (ઉ.વ. ૯૨) તા. ૧-૮-૨૦૧૮ના રોજ દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરતા દેહપરિવર્તન થયેલ છે. તેઓએ ૩૫ સુધી સોનગઢ રહી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લીધો હતો.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૬૨)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) ઉપયોગનું બદલવું તેને વિકલ્પ કહે છે. તે વિકલ્પ ............. ની પર્યાય છે. (ચારિત્ર, દર્શન, જ્ઞાન)

(૨) મુનિના છ આવશ્યકમાં સમસ્ત જીવો પર સમતાભાવ રાખવો અથવા સામાયિક કરવી તેને ............. કહે છે. (સમતા, વંદના, સ્તવન)

(૩) તીર્થંકરોના શાશ્વત જન્મસ્થાન અયોધ્યામાં પાંચ તીર્થંકરોના કુલ ............. કલ્યાણકો થયેલ છે. (૧૪, ૧૮, ૨૦)

(૪) પરિષહનો ભાવ એ ............ નો દોષ છે. (દર્શન, ચારિત્ર, જ્ઞાન)

(૫) બાર પ્રકારના તપને પૂર્ણ રીતે પાલન કરનારા ............. હોય છે. (શ્રાવક, મુનિ, અવિરત સમ્યગ્દૃષ્ટિ)

(૬) કર્મના બંધ અનુસાર જ ઉદય હોતો નથી, અને ઉદય અનુસાર ............. હોતો નથી. (બંધ, ભાવ, આસ્રવ)

(૭) વ્યવહારથી પાંચ પરમેષ્ઠી તથા નિશ્ચયથી પોતાનો આત્મા જ શરણ છે એવો વિચાર કરવો એ ........... ભાવના છે. (અનિત્ય, સંસાર, અશરણ)

(૮) જ્ઞાની કર્મના ઉદયને પોતાથી ભિન્ન જાણતો હોવા છતાં કર્મને વશ થઈ ............. ભાવરૂપે પરિણમે છે. (ઔદયિક, ક્ષાયિક, ઔપશમિક)

(૯) છયે પર્યાપ્તિઓ .......... માં પૂર્ણ થઈ જાય છે. (એક ઘડી, અંતર્મુહૂર્ત, એક સમય)

(૧૦) ............. શાસ્ત્રની મહત્તા બતાવતા જયસેન આચાર્યદેવ કહે છેકે, ‘‘જયવંત વર્તો તે કુંદકુંદ આચાર્યદેવ કે જેમણે મહા તત્ત્વથી ભરેલા પ્રાભૃતરૂપી પર્વત બુદ્ધિરૂપી શિર પર ઉપાડીને ભવ્ય જીવોને સમર્પિત કર્યો છે.’’ (નિયમસાર, સમયસાર, પ્રવચનસાર)

(૧૧) જીવની વૈભાવિક શક્તિ ........... છે. (નિત્ય, અનિત્ય, હેય)

(૧૨) જ્ઞાનનાં ત્રણ પ્રકારનાં દોષમાં અવધિજ્ઞાનમાં ............ દોષ હોતો નથી. (સંશય, વિપર્યય, અનધ્યવસાય)

(૧૩) પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ-૨૬૪માં આવે છે કે, ‘‘મોહ, રાગ, દ્વેષ વગેરે જે વિકારી અવસ્થા આત્મામાં ઉત્પન્ન થાય છે તે જડ તરફનાં વલણવાળો ભાવ હોવાથી તથા આત્માનો ........... ન હોવાથી જડ છે.’’ (વિભાવ, સ્વભાવ, શુભભાવ)

(૧૪) પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૦૪માં આવે છે કે "હું શુદ્ધ છું" એમ સ્વીકારતા ...........ની રચના શુદ્ધ જ થાય છે, જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.
(ગુણ, દ્રવ્ય, પર્યાય)

(૧૫) જીવને દુઃખનું નિમિત્તકારણ ............. કર્મનો ઉદય છે. (શુભ, બધાજ, અશુભ)

(૧૬) બાવીસ પરિષહોમાં સત્કાર પુસ્કાર પરિષહ ............ કર્મનાં નિમિત્તે હોય છે.　　(ચારિત્ર મોહનીય, દર્શનમોહનીય, અંતરાય)

(૧૭) સાસાદન ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ ................. છે.
(છ આવલી, એક સમય, અંતર્મુહૂર્ત)

(૧૮) દશ પ્રાણોમાંથી ૧૪માં ગુણસ્થાનવર્તી અયોગી કેવલીને .............. હોય છે.
(શ્વાસોશ્વાસ, કાયબળ, આયુષ્ય)

(૧૯) શુદ્ધ નિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારું પરમાર્થ પ્રતિક્રમણનું સ્વરૂપ ............ શાસ્ત્રમાં કહેલ છે.　　(નિયમસાર, સમયસાર, પંચાસ્તિકાય)

(૨૦) સંવરની સાથે અવિનાભાવિપણે ............... હોય છે.　　(બંધ, મોક્ષ, નિર્જરા)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ–૨૦૧૮ના ઉત્તર

| | |
|---|---|
| (૧) ૪ થે (અ) | (૧૧) બન્નેને (ક) |
| (૨) બન્નેને (ક) | (૧૨) મુનિને (ક) |
| (૩) સમ્યગ્દર્શન પછી (બ) | (૧૩) એવું હોય જ નહીં (ક) |
| (૪) જેવું (બ) | (૧૪) એક (અ) |
| (૫) બુદ્ધિપૂર્વકનો (અ) | (૧૫) અગુરુલઘુત્વ (અ) |
| (૬) ૭૦ ક્રોડાક્રોડી સાગર (ક) | (૧૬) પર્યાયમાં (ક) |
| (૭) ના (બ) | (૧૭) ૨ અને ૪ (અ) |
| (૮) હા (અ) | (૧૮) અસંખ્યાત (ક) |
| (૯) ત્રણેકાળ (અ) | (૧૯) ના (બ) |
| (૧૦) ના (બ) | (૨૦) પાંચ (બ) |

## (૬૨)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીનો જન્મ................ માં થયો હતો.

(૨) પંચ પરમેષ્ઠીનાં નામ, અરિહંત.........., આચાર્ય, ................ અને સાધુ છે.

(૩) ત્રણ પાંડવ ................ પર્વતથી મોક્ષ ગયા છે.

(૪) ભરતક્ષેત્રમાં ............... તીર્થંકર થાય છે.

(૫) મહાવીર ભગવાનનું ચિહ્ન ............ છે.

(૬) પંચ પરમેષ્ઠીમાં ............... તથા ................ દેવ છે અને ............., ................ તથા ................ ગુરુ છે.

(૭) અતિ પુણ્ય કરવાથી જીવ ............... ગતિમાં જાય છે તથા અતિ પાપ કરવાથી જીવ ...............માં જાય છે.

(૮) દ્રવ્ય................ છે તથા તત્ત્વ............. છે.

(૯) ભક્તામર સ્તોત્ર ................ ભગવાનની સ્તુતિ છે.

(૧૦) જીવમાં મુખ્ય ગુણ............ છે.

(૧૧) આદિનાથ ભગવાનની પહેલા ...................... ભગવાન મોક્ષ ગયા હતા.

(૧૨) ઉંધી માન્યતાનું નામ ................ છે.

(૧૩) પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીએ...................... ભગવાનના ફોટા સામે................ના દિવસે પરિવર્તન કર્યું હતું.

(૧૪) આદિનાથ રાજાના ................ અને .................. પુત્ર હતાં.

(૧૫) અરિહંત ભગવાને .................. કર્મોનો નાશ કર્યો છે.

(૧૬) ધર્મ................ થાય છે.

(૧૭) શંખ ચિહ્ન ................... ભગવાનનું છે.

(૧૮) .............. એ જીવનો અસાધારણ વિશેષ ગુણ છે.

(૧૯) કુંદકુંદાચાર્યદેવે (૧)............. (૨)................ (૩)................ આદિ શાસ્ત્રોની રચના કરી હતી.

(૨૦) પૂજ્ય ગુરુદેવશ્રીને સમયસાર હાથમાં આવતા જ તેમના મુખેથી નીકળ્યું હતું. ‘આ................. થવાનું શાસ્ત્ર છે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ – ૨૦૧૮ના ઉત્તર

**(A)**

(૧) પંચ પરમેષ્ઠી
(૨) અરિહંત સિદ્ધ
(૩) અરિહંત
(૪) શુદ્ધાત્મા
(૫) જ્ઞાન આત્મા
(૬) જ્ઞાન જાણું
(૭) અજીવ

**(B)**

### સાચા જોડકા બનાવો

| | |
|---|---|
| (૧) જીવ | (૪) જ્ઞાન-દર્શનરૂપ |
| (૨) પુદ્‌ગલ | (૫) સ્પર્શ, રસ, ગંધ, વર્ણ—રૂપી |
| (૩) ધર્મ | (૬) ગતિ હેતુત્વ |
| (૪) અધર્મ | (૨) સ્થિતિ હેતુત્વ |
| (૫) આકાશ | (૧) અવગાહન હેતુત્વ |
| (૬) કાળ | (૩) પરિણમન હેતુત્વ |
| (૭) જીવ | (૯) જ્ઞાયક—ચેતનપણું |
| (૮) અજીવ | (૧૦) જડ—અચેતન |
| (૯) આસ્રવ | (૭) મોહ, રાગ, દ્વેષરૂપ ભાવ |
| (૧૦) બંધ | (૮) શુભાશુભભાવમાં અટકવું |
| (૧૧) સંવર | (૧૨) શુદ્ધિની ઉત્પત્તિ |
| (૧૨) નિર્જરા | (૧૩) શુદ્ધિની વૃદ્ધિ |
| (૧૩) મોક્ષ | (૧૧) શુદ્ધિની પૂર્ણતા |

### ક્ષ....મા....પ....ના

**આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદૃષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું.**

**—તંત્રી**

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પોતાની પાછળ વિકરાળ વાઘ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે કેવી દોટ મૂકે ! એ વિસામો ખાવા ઊભો રહેતો હશે ! એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે અને અંદર કામ કરવાના ઘણા છે એમ પોતાને લાગવું જોઈએ. ૩૦૮.

● સત્યની વાત સમજવામાં ટકી રહેવું એ પણ એક પુરુષાર્થ છે. ૩૦૯.

● પરાવલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે. એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે. ૩૧૦.

● ભાઈ ! તું શરીર સામું ન જો ! તારા વિકલ્પ મફતમાં જાય છે ને આત્માનું કાર્ય પણ થતું નથી. શરીર દગો દેશે ભાઈ ! તારા આત્માનું કરવાનું છે તે કરી લે. ૩૧૧.

● પરસત્તાવાળા તત્ત્વોને ગ્રહવાનું અભિમાન. પરસત્તાવાળા તત્ત્વોને ત્યાગવાનું અભિમાન. એ અભિમાન જ મિથ્યાત્વ છે. અને તે સાત વ્યસનના પાપ કરતાં પણ મહાન પાપરૂપ છે. ૩૧૨.

● આ ચૈતન્યતત્ત્વ તો કોઈ અગમ્ય વસ્તુ છે. તે બહારના વૈરાગ્યથી કે જ્ઞાનના ક્ષયોપશમથી મળી જાય તેવી ચીજ નથી. અંતરમાં અવ્યક્ત છતાં પ્રગટ અચિંત્ય વસ્તુ પડી છે. તેના મહાત્મ્ય પ્રત્યે જાય ત્યારે તે ગમ્ય થાય ને તેના જન્મ-મરણ ટળે એવી એ ચીજ છે. ૩૧૩.

● એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે, આ જ સ્વભાવ છે એમ સ્વભાવ સન્મુખમાં જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી લેવાનો જ છે. ૩૧૪.

● સાંભળતી વખતે એને આત્માનું સ્વરૂપ સ્પષ્ટ લાગે છે. છતાં પણ એની ભ્રમજાળ બની રહે છે એનું કારણ એ છે કે એણે જ્ઞાનનો પાયો ઊંડો નાખ્યો જ નથી. ૩૧૫.

● વર્તમાનમાં જરાક એક પ્રતિકૂળતા આવે તો એ એનાથી સહન થતી નથી પણ ભવિષ્યમાં અનંતી પ્રતિકૂળતાઓ આવે તેવા ભાવોથી છૂટવાની એને દરકાર નથી ! ૩૧૬.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૧૮
અંક-૧ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-9-2018
Posted on 1-9-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org